પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૨૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૯-૦૧-૨૦૨૩ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### પૂર્વોત્તરના ૩ રાજ્યો ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલયમાં ચૂંટણીનું બિગુલ વાગી ગયું

## ત્રિપુરામાં ૧૬ ફેબ્રુઆરી, મેઘાલય અને નાગાલેન્ડમાં ૨૭ ફેબ્રુઆરીએ મતદાન યોજાશે, ૨ માર્ચે પરિણામ આવશે

નવીદિલ્હી,

ચૂંટણી પંચે ત્રણ રાજ્યોમાં યોજાનાર વિધાનસભા ચૂંટણીની તારીખોની જાહેરાત કરી દીધી છે. મુખ્ય ચૂંટણી કમિશનરે પત્રકાર પરિષદ યોજીને કહ્યું કે, ત્રિપુરામાં ૧૬ ફેબ્રુઆરી, મેઘાલય અને નાગાલેન્ડમાં ૨૭ ફેબ્રુઆરીએ મતદાન થશે. ચૂંટણીનું પરિણામ ૨ માર્ચે જાહેર કરવામાં આવશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યુ કે, ૩ રાજ્યોમાં કાર્યકાળ સમાપ્ત થઈ રહ્યો છે. લોકતંત્રના પર્વની બધાને શુભેચ્છાઓ. તેમણે કહ્યું કે, લોકતંત્રમાં હિંસાને કોઈ સ્થાન નથી. નાગાલેન્ડ, મેઘાલય અને ત્રિપુરાનો પાંચ વર્ષનો વિધાનસભા કાર્યકાળ ૧૨ માર્ચ, ૨૨ માર્ચ અને ૧૫ માર્ચે સમાપ્ત થઈ રહ્યો છે. આ પહેલા નવી વિધાનસભાની રચના થવાની છે. ચૂંટણી



પહેલા રાજકીય દળોએ પોતાની રણનીતિ પર કામ શરૂ કરી દીધુ છે. નોંધનીય છે કે મેઘાલય. ત્રિપુરા અને નાગાલેન્ડમાં ૬૦-૬૦ વિધાનસભા સીટો છે. આ સમયે ત્રિપુરામાં ભાજપની સરકાર છે તેથી ભાજપ ત્યાં વધુ ધ્યાન આપી રહ્યું છે. ત્રિપુરામાં વામ દળ અને આદિવાસી પાર્ટી ભાજપ માટે પડકાર ઉભો કરી શકે છે. પૂર્વોત્તરના ત્રણ રાજ્યોમાં આ વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાશે. ત્રિપુરામાં ભાજપની સરકાર છે, તો નાગાલેન્ડમાં નેશનલિસ્ટ ડેમોક્રેટિક પ્રોગેસિસ પાર્ટી સત્તામાં છે. મેઘાલયમાં નેશનલ પીપુલ્સ પાર્ટી (એનપીપી) ની સરકાર છે. એનપીપી પૂર્વોત્તરની એકમાત્ર પાર્ટી છે, જેને રાષ્ટ્રીય દળ તરીકે માન્યતા પ્રાપ્ત છે.

મુખ્ય ચૂંટણી કમિશનરે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે નાગાલેન્ડ વિધાનસભાની ચૂંટણી ૨૦૨૩ માટે ૩૧ જાન્યુઆરીએ નોટિફિકેશન બહાર પાડવામાં આવશે. જે બાદ ઉમેદવારો ૭ ફેબ્રુઆરી સુધી રજિસ્ટ્રેશન કરાવી શકશે. ચૂંટણી પંચની ટીમ ૮ ફેબ્રુઆરીએ નામાંકનોની ચકાસણી કરશે, જ્યારે ૧૦ ફેબ્રુઆરીએ નામાંકન પરત ખેંચવાની અંતિમ તારીખ છે. આ તમામ પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ૨૭ ફેબ્રુઆરીએ તમામ બેઠકો પર એક સાથે મતદાન થશે અને ત્રણેય રાજ્યોના પરિણામો ૨ માર્ચના રોજ જાહેર કરવામાં આવશે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર નાગાલેન્ડમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. આ સાથે દરેક નાગરિકને મતદાનની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે, પછી ભલે મત વિસ્તાર ગમે તેટલો દૂર અને દુર્ગમ હોય. ત્રિપુરા વિધાનસભાની ચૂંટણી ૨૦૨૩ ત્રિપુરા વિધાનસભાની ચૂંટણી ૨૦૨૩ માટે નોટિફિકેશન ૨૧ જાન્યુઆરીએ બહાર પાડવામાં આવશે. ત્રિપુરામાં નામાંકન માટેની છેલ્લી તારીખ ૩૦ જાન્યુઆરી નક્કી કરવામાં આવી છે. રાજ્યમાં વિધાનસભાની ૬૦ બેઠકો છે. ત્રિપુરામાં અનુસૂચિત જનજાતિ માટે ૨૦ અને અનુસૂચિત જાતિ માટે ૧૦ બેઠકો અનામત છે. હાલ ત્રિપૂરામાં ભારતીય જનતા પાર્ટીની સરકાર છે. ચૂંટણીની તારીખોની જાહેરાત સાથે જ આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. મેઘાલય વિધાનસભાની ચૂંટણી ૨૦૨૩ની તારીખ ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવી છે. રાજ્યની કુલ ૬૦ વિધાનસભા બેઠકો માટે ૨૭ ફેબ્રુઆરીએ એક જ તબક્કામાં મતદાન થશે. જ્યારે પરિણામ ૨ માર્ચે જાહેર કરવામાં આવશે. ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં ચૂંટણીની તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

નાગાલેન્ડમાં ૨૭ ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાશે. અહીં વિધાનસભાની ૬૦ બેઠકો છે. હાલમાં નાગાલેન્ડમાં નેશનાલિસ્ટ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટીની સરકાર છે અને નેફિયુ રિયો મુખ્યમંત્રી છે. છેલ્લી વિધાનસભાની ચૂંટણીમાં અહીંની હરીફાઈ ખૂબ જ રસપ્રદ રહી હતી. ચૂંટણી પહેલા સમીકરણો અલગ હતા, જ્યારે ચૂંટણી પછી ગઠબંધન અલગ થઈ ગયું. મેઘાલયમાં ૨૭ ફેબ્રુઆરીએ એક જ તબક્કામાં મતદાન થશે અને પરિણામ ૨ માર્ચે જાહેર થશે. મેઘાલયમાં વર્તમાન સરકારનો કાર્યકાળ ૧૫ માર્ચે પૂરો થઈ રહ્યો છે. મેઘાલયમાં ૬૦ વિધાનસભા બેઠકો છે.નાગાલેન્ડમાં હાલ નેફિયુ રીઓ રાજ્યના મુખ્યમંત્રી છે. તેવો રાષ્ટ્રવાદી ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટીના નેતા છે. જ્યારે ઉપ મુખ્યમંત્રી તરીકે ભાજપ નેતા યાન્થુંગુ પેટન છે. વર્ષ ૨૦૧૮માં રાષ્ટ્રવાદી ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટીને ૪૨ અને ભાજપને ૧૨ બેઠક પર જીત મળી હતી. ત્રિપુરામાં વર્ષ માર્ચ ૨૦૧૮માં વિધાનસભા ચૂંટણી યોજાઈ હતી. ૬૦ વિધાનસભા બેઠક ધરાવતી ત્રિપુરામા ભાજપે આઈપીએફટી સાથે મળી સરકારની રચના કરી છે. જેમાં હાલ માણેક સાહા મુખ્યમંત્રી છે. જેમાં વર્ષ ૨૦૧૮માં ભાજપને ૩૪ અને આપીએફટીને ૦૫ બેઠક મળી હતી. જ્યારે સીપીઆઈ (એમ) ૧૫ અને કોંગ્રેસને ૧૫ બેઠક મળી હતી.જ્યારે મેઘાલયમાં એનપીપીની સરકાર છે. જેમાં એનપીપીના નેતા કોનાર્ડ સંગમા રાજ્યના મુખ્યમંત્રી છે. ૬૦ સભ્યોની વિધાનસભામાં વર્ષ ૨૦૧૮માં એનપીપી પાર્ટીએ સૌથી વધુ ૪૪ બેઠક પર જીત મેળવી હતી. જ્યારે યુડીપીને ૦૮, પીડીએફને ૦૪,મ ભાજપને ૦૨, એચએસપીડીપી ને ૦૨ અને અપક્ષના ફાળે એક બેઠક ગઈ હતી. વિધાનસભામાં મેઘાલયના ત્રણ પ્રદેશોનું પ્રતિનિધિત્વ છે. જેમાં ૨૯ સભ્યો ખાસી હિલ્સમાંથી, ૭ જૈંતીયા હિલ્સમાંથી અને ૨૪ ગારો હિલ્સમાંથી ચૂંટાયેલા છે.

## રાજ્યમાં ૪ ડિગ્રી તાપમાન સાથે નલિયા સૌથી ઠંડુગાર, આવતીકાલથી ઠંડીથી આંશિક રાહત મળશે

અમદાવાદ,

છેલ્લા બે ત્રણ દિવસથી ગુજરાતમાં ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે જેના કારણે ગુજરાતવાસીઓ ઠૂંઠવાયા છે જોકે હવામાન વિભાગે કરેલી આગાહી પ્રમાણે આ ઠંડીથી આંશિક રાહત મળશે. તાપમાનનો પારો ઉંચકાતા આકરી ઠંડીનું જોર ઘટશે. હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતીએ જણાવ્યું હતું કે તાપમાનના આશરે ૩ ડિગ્રી જેટલો વધારો થશે જેના કારણે થોડી રાહત થશે. જોકે છેલ્લા બે ત્રણ દિવસથી મોડી રાત્ર અને વહેલી સવારે ફૂંકાતા ઠંડા પવનોને કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. નાના શહેરોમાં સાંજથી જ જાણે સન્નાટો ફેલાઈ જતો હતો અને રસ્તા ઉપર અવર જવર ઓછી થઈ ગઈ હતી. ઠંડીના ચમકારાને કારણે લોકોની અવરજવર બંધ થતા રસ્તા પણ સૂમસામ જોવા મળ્યા હતા. કેટલાક શહેરોમાં વાલીઓએ બાળકોની શાળાનો સમય બદલવા માટે પણ માંગણી કરી હતી. રાજ્યમાં ગત રાત્રિએ નોંધાયેલું તાપમાન જોઈતો બનાસકાંઠા ૭.૩, પાટણમાં ૯.૫, ગાંધીનગરમાં ૧૦, રાજકોટ ૧૦.૭ડિગ્રી તાપમાન, અમદાવાદમાં ૧૧.૩ ડિગ્રી તાપમાન, પોરબંદર ૧૨ ડિગ્રી તાપમાન, વડોદરા ૧૨.૩ ડિગ્રી તાપમાન રહ્યુંહતુ. હવામાન વિભાગના વડા મનોરમા મોહંતીએ ઉમેર્યું હતું કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ વધવાને પગલે ગુજરાતમાં ઠંડી થોડી ઘટશે. દરેક જિલ્લાના તાપમાનમાં આશરે ૩થી ૪ ડિગ્રીનો વધારો થતા તેમજ ઠંડા પવન ઘટતા ઠંડી થોડી ઘટશે. ઉત્તર ભારતમાં હજી પણ ઠંડીથી રાહત મળશે નહીં, દેશની રાજધાની કોલ્ડ કેપિટલ બની ગઈ છે. દિલ્લીમાં ન્યૂનતમ તાપમાન ૨.૪ ડિગ્રી નોંધાયું છે અને પહાડી વિસ્તાર કરતા પણ દિલ્લીમાં વધુ ઠંડી પડી રહી છે. તો રાજસ્થાનના અનેક શહેરોમાં શૂન્ય ડિગ્રી તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ૨૨ જાન્યુઆરીએ દિલ્લી અને ઉત્તરભારતમાં વરસાદની આગાહી કરવામાં આવી છે તો ૨૩ અને ૨૪ જાન્યુઆરીએ ભારે પવન ફુંકાવાની શક્યતા છે.




## દરેકને સન્માન સાથે મરવાનો અધિકાર છે, ઈચ્છામૃત્યુના નિયમોમાં સુધારો કરવા સુપ્રીમ કોર્ટ તૈયાર

નવીદિલ્હી,

નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ પર ઐતિહાસિક ચુકાદો આપ્યાના ચાર વર્ષ બાદ સુપ્રીમ કોર્ટ ૨૦૧૮ના નિર્દેશોમાં સુધારો કરવા સંમત થઈ છે. કોર્ટે કહ્યું છે કે જે લોકો ગંભીર રીતે બીમાર છે અને જીવન નિર્વાહ કરી રહ્યા છે તેમને સન્માન સાથે મરવાનો અધિકાર છે. તેને કાયદાકીય ગૂંચમાં ન ફસાવી જોઈએ અને તબીબી નિષ્ણાતોએ પણ આ બાબતે સંજ્ઞાન લેવું જોઈએ. કોર્ટે કહ્યું કે જો કોઈ વ્યક્તિ તેની સારવાર રોકવા માંગે છે તો તેને મંજૂરી આપવાનો નિયમ હોવો જોઈએ.



જસ્ટિસ કેએમ જોસેફની અધ્યક્ષતાવાળી બેંચે કહ્યું કે, કોર્ટે મૃત્યુના અધિકારને પણ મૂળભૂત અધિકાર તરીકે જાહેર કર્યો છે. હવે તે જટિલ ન હોવું જોઈએ. આ બેંચમાં જસ્ટિસ અજય રસ્તોગી, અનિરુદ્ધ બોઝ, હૃષિકેશ રોય અને જસ્ટિસ સીટી રવિકુમાર સામેલ હતા. બેન્ચે કહ્યું કે લિવિંગ વિલને લઈને ૨૦૧૮માં બનાવવામાં આવેલી માર્ગદર્શિકામાં સુધારાની જરૂર છે. પરંતુ આપણે એ વાતનું પણ ધ્યાન રાખવું પડશે કે તેનો દુરુપયોગ ન થાય. ૨૦૧૮ના ચુકાદા મુજબ, લિવિંગ વિલ કોઈપણ પુખ્ત વ્યક્તિ કરી શકે છે અને તેના પર બે પ્રમાણિત સાક્ષીઓની હાજરીમાં સહી કરવી પડે છે અને પછી સંબંધિત ન્યાયિક મેજિસ્ટ્રેટ દ્વારા મંજૂરી આપવામાં આવે છે.

નિયમ મુજબ, જો દર્દીનું મૃત્યુ થાય અને લાંબી સારવાર પછી પણ તેમાં સુધારો થવાનો કોઈ અવકાશ ન હોય તો, ડોકટરોએ જનરલ મેડિસિન, કાર્ડિયોલોજી, ન્યુરોલોજી, નેફ્રોલોજી, સાયકિયાટ્રી અને ઓક્રોલોજીના તબીબોનો સમાવેશ કરીને નિષ્ણાતોનું એક બોર્ડ બનાવવું પડે છે. મેડિકલ બોર્ડના પ્રમાણપત્ર પછી, ડીએમ બીજા બોર્ડની રચના કરે છે. જો હોસ્પિટલનું મેડિકલ બોર્ડ સારવાર બંધ કરવાની પરવાનગી નહીં આપે તો પરિવારજનો હાઈકોર્ટમાં જઈ શકે છે. એક મેડિકલ બોર્ડ પણ બનાવવામાં આવે છે, જેના અભિપ્રાય પર હાઈકોર્ટ નિર્ણય લે છે.

અરજદાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ અરવિંદ દાતાર અને પ્રશાંત ભૂષણે રજૂઆત કરી હતી કે આ ત્રણ તબક્કાની પ્રક્રિયા ૨૦૧૮ના સમગ્ર ચુકાદાને રદ કરે છે. અત્યાર સુધી એવું બન્યું નથી કે નિષ્ક્રિય ઈચ્છામૃત્યુ ઈચ્છતી વ્યક્તિ આ પ્રક્રિયા પૂર્ણ કરી શકી હોય. ડૉક્ટરો ભગવાન નથી જે દરેક બાબતની નક્કર માહિતી આપી શકે. તેઓ હવામાનશાસ્ત્રીઓ જેવા છે જે વિજ્ઞાનના આધારે કહે છે. અમે મેડિકલ સાયન્સના નિષ્ણાત નથી. તેથી, માર્ગદર્શિકામાં સુધારો કરતી વખતે ખૂબ કાળજી લેવાની જરૂર છે.

## રાજ્યની પ્રાથમિક શાળા ગુણોત્સવ ૨.૦ના પરિણામ જાહેર, વલસાડની પ્રાથમિક શાળા પ્રથમ ક્રમે આવી

અમદાવાદ,

ગુજરાત સરકારે સરકારી શાળામાં વિદ્યાર્થીઓને કેવા પ્રકારનું શિક્ષણ આપવામાં આવે છે. શાળાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર કેવું છે. તેના માટે રાજ્ય સરકાર દ્વારા ગુણોત્સવનું આયોજન કરવામાં આવે છે. રાજ્યની પ્રાથમિક શાળા ગુણોત્સવ ૨.૦ના પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યની ૩૩ હજાર શાળાઓ માંથી ૧૨ હજાર ૧૮૪ શાળાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યની ૮ કોર્પોરેશનમાંથી ગુણોત્સવના પરિણામમાં એએમસી બોર્ડની શાળાઓ પ્રથમ ક્રમે આવી છે. જ્યારે રાજ્યમાં વલસાડની પ્રાથમિક શાળા પ્રથમ ક્રમે આવી છે. સરકાર ગુણોત્સવ દ્વારા સરકારી શાળાઓનું મુલ્યાંકન કરતા હોય છે.

આ સિવાય પરિણામમાં ગ્રેડિંગ સિસ્ટમને અપનાવવામાં આવી હતી. એમાં ૦થી ૨૫ ટકા પરિણામમાં ડ્ઢ ગ્રેડ, ૨૬થી ૫૦ ટકા પરિણામમાં ઝ્ર ગ્રેડ, ૫૧થી ૭૫ ટકામાં બી ગ્રેડ, ૭૫થી ૮૫ ટકામાં છ ગ્રેડ તેમજ ૮૬થી ૧૦૦ ટકામાં છ ગ્રેડ આપવામાં આવ્યાં હતાં. જેમાં ગુજરાતની સરકારી સ્કૂલોનું સરેરાશ પરિણામ ૫૭.૮૪ ટકા આવતાં બી ગ્રેડ પ્રાપ્ત થયો છે. એકમ કસોટી યોજાયા બાદ જે વિદ્યાર્થીઓ જે વિષયમાં નબળા હોય તેનું ઉપચારાત્મક શિક્ષણકાર્ય શિક્ષકોએ કરવાનું હતું, પરંતુ રાજ્યની ૭૬ ટકા જેટલી શાળાઓમાં ઉપચારાત્મક શિક્ષણ થયું જ ન હોવાનું ગુણોત્સવ ૨.૦ના પરિણામમાં બહાર આવ્યું હતુ.

## રાજસ્થાનમાં રાજસમંદની સગીરા સાથે સતત ૫ દિવસ ગેંગરેપ : સરકારી કર્મચારી સહિત ૭ હેવાનોની ધરપકડ

જયપુર,

રાજસ્થાનના રાજસમંદથી એક હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે. એક સરકારી કર્મચારી સહિત ૭ હેવાનોએ એક સગીરા સાથે સતત ૫ દિવસ સુધી દુષ્કર્મ આચર્યું છે. આ મામલો રાજસમંદ જિલ્લાના કેલવાડા પોલીસ સ્ટેશન વિસ્તારનો છે, જ્યાં ૫ જાન્યુઆરીએ સગીરાના પિતાએ ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી.રિપોર્ટમાં પીડિતાના પિતાએ જણાવ્યું હતું કે છોકરી ૪ જાન્યુઆરીએ તેમના ઘરે પહોંચી ન હતી, જેના પર પીડિતાના પિતાએ ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુદ્દે પોલીસે બાળકીની શોધ શરૂ કરી હતી, ત્યારબાદ ૧૦ જાન્યુઆરીએ ઉદેપુરમાં બાળકી ત્યજી દેવાયેલી અવસ્થામાં મળી આવી. પોલીસે સગીરાનું નિવેદન નોંધતાં પોલીસના હોશ ઉડી ગયા હતા. નિવેદનમાં પીડિતાએ કહ્યું કે ૪ જાન્યુઆરીએ જ્યારે તે એક પરિચિતને મળવા ઉદયપુર પહોંચી હતી, ત્યારે એક ઓટો ડ્રાઈવરે તેને ભોળવીને ધર્મશાળા લઈ ગયો હતો. જ્યાં તેણે તેના પર દુષ્કર્મ આચર્યું હતું. ૨ દિવસ સુધી અલગ-અલગ લોકો તેની સાથે દુષ્કર્મ આચરતા રહ્યાં. જ્યારે સગીરા અહીંથી બહાર આવી ત્યારે કેટલાક આરોપીઓ તેને પોતાની સાથે માવલી પાસે લઈ ગયા અને ત્યાં પણ તેની સાથે દુષ્કર્મ આચર્યુ. આ બાબતે રાજસમંદના અધિક પોલીસ અધિક્ષક શિવ લાલ બરવાએ કહ્યું કે બાળકીની શોધ માટે વિવિધ પોલીસ ટીમો બનાવવામાં આવી છે. આ કેસમાં પોલીસે રોડવેઝ વિભાગના સરકારી કર્મચારી સહિત કુલ ૭ આરોપીઓની ધરપકડ કરી છે.

## શિવસેનાના નામ અને ચિહ્ન પરના વિવાદ પર નિર્ણય ન આવ્યો, આગામી સુનાવણી ૨૦ જાન્યુઆરીએ

નવીદિલ્હી,

શિવસેના પાર્ટીના નામ અને ચિહ્ન પર કોનો અધિકાર છે? શિંદે જૂથ કે ઠાકરે જૂથ? આ મામલે આજે કેન્દ્રીય ચૂંટણી પંચ સામે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ ઉપરાંત શિવસેના પક્ષ પ્રમુખ તરીકે ઉદ્ધવ ઠાકરેનો કાર્યકાળ ૨૩ જાન્યુઆરીએ પૂરો થઈ રહ્યો છે, તે પહેલા ઠાકરે જૂથે સંગઠનાત્મક ચૂંટણી કરાવવાની પરવાનગી માંગી છે. આ મુદ્દે સુનાવણી પણ હાથ ધરવામાં આવી હતી. ચૂંટણી પંચ હવે ૨૦ જાન્યુઆરી, શુક્રવારના રોજ આ મામલે સુનાવણી કરશે.



શિવસેનાના નામ અને ધનુષબાણના પ્રતીકને લઈને આજે નિર્ણય લેવામાં આવ્યો ન હતો. આજે વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે ઠાકરે જૂથ વતી દલીલો રજૂ કરી હતી. છેલ્લી સુનાવણીમાં કેન્દ્રીય ચૂંટણી પંચે શિંદે જૂથ વતી વરિષ્ઠ વકીલ મહેશ જેઠમલાણીની દલીલો સાંભળી હતી. કપિલ સિબ્બલે સૌપ્રથમ ચૂંટણી પંચને અપીલ કરી હતી કે તેઓ સુપ્રીમ કોર્ટના નિર્ણય પહેલા પોતાનો નિર્ણય ન આપે.

કપિલ સિબ્બલે કહ્યું કે શિવસેનામાં બે જૂથ હોવાની વાત કાલ્પનિક છે. કેટલાક લોકોના અલગ થવાથી પાર્ટી પર દાવો નથી થતો. આ ગેરકાયદેસર છે. સિબ્બલે કહ્યું કે શિવસેના પાર્ટીમાં રહીને જે લોકોએ તેનો ફાયદો ઉઠાવ્યો, જે લોકોએ પાર્ટી સાથે જોડાયેલી બાબતોમાં પોતાનો મત આપ્યો, તેઓ કેવી રીતે કહી શકે કે પાર્ટીમાં લોકશાહી નથી.

કપિલ સિબ્બલે કહ્યું કે, ધારાસભ્યો અને સાંસદોની બહુમતીના આધારે પાર્ટી પર દાવો કરી શકાય નહીં. જે જનપ્રતિનિધિઓ પક્ષના ચિન્હ અને નામના આધારે ચૂંટણી જીતે છે, તેઓ એમ કહી શકતા નથી કે તેમની પાસે બહુમતી છે, તેથી તેમનો દાવો મૂળ પક્ષ પર કરવામાં આવે છે. માત્ર ધારાસભ્યો અને સાંસદો દ્વારા પાર્ટીની રચના થતી નથી. ઘણા કાર્યકરો, અધિકારીઓ તેને બનાવે છે. તેથી જ બહુમતી હોવાની દલીલ યોગ્ય નથી.

કપિલ સિબ્બલે પોતાની દલીલો રજૂ કરવા માટે વધુ સમય માંગ્યો હતો. કેન્દ્રીય ચૂંટણી પંચે તેમની વાત સાથે સહમત થયા અને આગામી તારીખ ૨૦ જાન્યુઆરી આપી. શિંદે જૂથના બળવા પછી શિવસેના અલગ થઈ ગઈ. આ પછી, અંતિમ નિર્ણય ન આવે ત્યાં સુધી, કેન્દ્રીય ચૂંટણી પંચે શિવસેનાના બંને જૂથો માટે અલગ-અલગ નામ અને ચૂંટણી પ્રતીકો નક્કી કર્યા.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# સાંસદ ખેલ સ્પર્ધા મહોત્સવને લઈને સાંસદ દ્વારા ઝાલોદ, દાહોદ, લીમખેડા, સંતરામપુર, પ્રાંત કચેરી ખાતે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજવામાં આવી

સંતરામપુર,

દાહોદ જિલ્લામાં લોકસભા અંતર્ગત આવતી તમામ વિધાનસભા સીટોમાં તારીખ ૨૧, ૨૨, અને ૨૩ જાન્યુઆરીના રોજ સાંસદ ખેલ સ્પર્ધા મહોત્સવનું આયોજન થવા જઈ રહ્યું છે. ત્યારે વિધાનસભા દીઠ યોજાનાર રમત ગમતોના કાર્યક્રમોને લઈને સાંસદ જશવંતસિંહ ભાભોર દ્વારા આજે વહેલી સવારથી જ સંતરામપુર વિધાનસભા સીટ માં સંતરામપુર પ્રાંત કચેરી ખાતે પ્રાંત અધિકારી, મામલતદાર, સહિત રમત ગમત અધિકારીઓ, પાર્ટીના જિલ્લા પંચાયત સદસ્યો તાલુકા પંચાયત સદસ્યો તેમજ યુવા કાર્યકરો અને સરપંચો સાથે બેઠક યોજવામાં આવી હતી. બેઠકમાં ૨૧ થી લઈને તારીખ


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

૨૩ સુધી વિધાનસભા દીઠ યોજનાર રમત ગમતના કાર્યક્રમો ની સમીક્ષા કરવામાં આવી હતી. સાંસદ ખેલ સ્પર્ધા મહોત્સવમાં વિદ્યાર્થીઓની રમત ગમત ક્ષેત્રે સ્પર્ધામાં ભાગ લઈ આગળ આવે પોતાની સુશુપ્ત શક્તિ બહાર લાવી જીલ્લા થી લઈ રાજ્ય સુધી ઝળકે તે હેતુસર સાંસદ ખેલ સ્પર્ધા મહોત્સવનું આયોજન કરવામાં આવી રહ્યું છે. સાંસદ ખેલ સ્પર્ધા મહોત્સવમાં વિધાનસભા દીઠ કેટલા હજાર વિદ્યાર્થીઓ ભાગ લેશે વિદ્યાર્થીઓ માટે શું સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે, તેમજ કઈ કઈ રમતો માં વિદ્યાર્થીઓ ભાગ લેશે તેની વિસ્તૃત ચર્ચા અધિકારીઓ સાથે કરવામાં આવી હતી. સાંસદ ખેલ સ્પર્ધા મહોત્સવને લઈને સંતરામપુર ઝાલોદ દાહોદ અને લીમખેડા પ્રાંત કચેરીમાં અધિકારીઓ સાથે બેઠકનું યોજાવામાં આવી હતી. બેઠકમાં દાહોદ તેમજ મહીસાગર જિલ્લાના ધારાસભ્યો જિલ્લા પંચાયત પ્રમુખ પાર્ટી પ્રમુખો પણ ઉપસ્થિત રહ્યા હતા. સાંસદ ખેલ સ્પર્ધા મહોત્સવને લઈને લઈને વિધાનસભા દીઠ તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. તારીખ ૨૪ અને ૨૫ જાન્યુઆરીના રોજ સાંસદ ખેલ મહોત્સવ સ્પર્ધાનું જિલ્લા કક્ષાએ આયોજન કરવામાં આવ્યું છે.

# સંતરામપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે આર્યન ચેકઅપ કેમ્પનું આયોજન કરાયું

સંતરામપુર,

આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, સંતરામપુરના રાષ્ટ્રીય સેવા યોજના NSS યુનિટ અને દાણી ફાઉન્ડેશન અમદાવાદ તેમજ ડોક્ટર હેડગેવાર સેવા સમિતિ, મહીસાગરના સંયુક્ત ઉપક્રમે તા.૧૮-૧ -૨૦૨૩ ના રોજ કોલેજમાં લોહીની ફિકાસ એટલે કે એનિમિયા છે કે નહીં તેની પ્રાથમિક સ્વયં તપાસ માટેનો કેમ્પ એટલે કે આયર્ન ચેકઅપ કેમ્પ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે અમદાવાદથી દાણી ફાઉન્ડેશનના ડોક્ટર વિરેન દોશી તથા નીતાબેન દોશી ઉપસ્થિત રહ્યા હતા. ડોક્ટર વિરેન દોશીએ સૌપ્રથમ લોહીમાં આયર્ન અને હિમોગ્લોબિનના મહત્વ વિશે વિદ્યાર્થીઓને સંબોધન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, શરીરમાં સ્ફૂર્તિ



અને તાજગી જાળવી રાખવા શરીરને પુરતો પ્રાણ વાયુ એટલે કે ઓક્સિજન મળતો રહેવો જોઈએ, આ કામ શરીરમાં રહેલા હિમોગ્લોબિન દ્વારા થાય છે. હિમોગ્લોબિન શરીરને ઓક્સિજન પૂરો પાડે છે. સ્ફૂર્તિ પૂરી પાડે છે, શરીરમાં પૂરતું લોહી પેદા કરવા માટે પાંચ બાબતો ઉપર ભાર મૂક્યો હતો. એક તો લીલા પાંદડા વાળા શાકભાજી ખોરાકમાં સામેલ કરવા, બીજું ફણગાવેલી બાજરી, મગ અને અડદ જેવા કઠોળ ખોરાકમાં લેવા, ત્રીજું લોખંડના વાસણમાં રસોઈ બનાવી ચોથું આર્યનની લાલ ગોળી નિયમિત લેવી તથા પાંચમું આમળાનું નિયમિત સેવન કરવું જોઈએ આટલી બાબતોનું પાલન કરવાથી ઝડપથી લોહીની ઉણપ દૂર કરી શકાય છે. આટલા સંબોધન પછી સ્વપરિક્ષણ કીટ દ્વારા વિદ્યાર્થીઓએ પોતાના શરીરમાં કેટલું લોહી છે તેની જાતે ચકાસણી કરી હતી.આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડોક્ટર અભય પરમાર તેમજ સમાજ સેવક સુરેશભાઈ ભાવસાર ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન ગજ્જ પ્રોગ્રામ ઓફિસર ડોક્ટર અમૃત ઠાકોર તેમજ અર્જુન ભાટી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગરબાડાના હાફેશ્વર નર્મદા પુરવઠા યોજનાની પાણીની ટાંકી સ્થળે અસામાજિક તત્વો દ્વારા તોડફોડ કરાઈ

ગરબાડા,

ગરબાડા તાલુકામાં હાંફેશ્વર નર્મદા બેસીન આધારિત જુથ પાણી પુરવઠા યોજનાનો પાણીનો ટાંકી બનાવ્યો છે. તે જગ્યાએ કેટલાક શખ્સો દ્વારા પેનીલ મોટર અને વાલની ચોરી કરી ચુકયા છે. જે બાબતે એજન્સી દ્વારા પોલીસમાં ફરિયાદ પણ કરી હતી. જેનુ ધારાસભ્ય દ્વારા નર્મદાના પાણી ગામના લોકોને મળે તે માટે હંગામી ધોરણે ચાલુ કરવામાં આવ્યુ છે. ગરબાડા નગર સહિત આજુબાજુ વિસ્તારને પાણી પુરૂ પાડવા માટે સરકાર દ્વારા હાફેશ્વર નર્મદા બેસીન આધારિત જુથ પાણી પુરવઠા યોજના અંતર્ગત પાણીનો ટાંકો બનાવ્યો છે. જે પાણીના ટાંકાની કેપિસિટી ૩૫ લાખ ૧૦ હજાર લીટર છે. જેના મારફતે આજુબાજુના વિસ્તારોને નળ કનેકશનના માધ્યમથી પાણી પુરૂ પડાશે. હાલની ટાંકાની પરિસ્થિતિમાં અજાણ્યા શખ્સો દ્વારા ટાંકા ઉપર લગાવેલ ઢાંકણા, પાણીના વાલ, તેમજ પેનીલ મોટરની ચોરી કરવામાં આવી હતી. નર્મદા બેસીન આધારિત પાણી પુરવઠા ટાંકાનુ કામ એક વર્ષ પુર્વે પણ પુરૂ થઈ ગયુ હતુ. કામ પુર્ણ થયા બાદ એજન્સી દ્વારા ધ્યાન ન અપાતા અમુક શખ્સો દ્વારા ત્યાં ચોરી કરવાનુ સામે આવ્યુ હતુ. આ બાબતે પાણી પુરવઠા અધિકારી સાથે વાત કરતા તેમને જણાવ્યુ હતુ કે, કામ એક વર્ષ પુર્વે જ પુર્ણ થઈ ગયુ છે. અને ત્યાં ચોરીના બનાવો બન્યા હતા ત્યારે કામ ચાલુ હતુ. તેની જાણ તેમજ ફરિયાદ ગરબાડા પોલીસ મથકે કરવામાં આવી હતી. હાલ પાણીના ટાંકા ઉપર દરવાજા પાણીના વાલ તેમજ અસામાજિક તત્વો દ્વારા પાણીની અંદર દારૂની બોટલો તેમજ ધનકચરો નાંખેલો જોવા મળી રહ્યો છે. તંત્ર દ્વારા વહેલી તકે નર્મદા બેસીને આધારતિ પાણીના ટાંકાની સંભાળ રાખે તેમજ પાણીના ટાંકાની સુરક્ષા માટે કાયમી ધોરણે ચોકીદાર મુકવામાં આવે તે જરૂરી બન્યુ છે.



લવાણા ઈકો ટુરિઝમ કલેશ્વરી ખાતે વનવિભાગ મહિસાગર હેઠળ ચાલતી પ્રાકૃતિક શિબિરમાં ભામૈયા (ગોધરા) પ્રાથમિક શાળા તેમજ મોડલ સ્કૂલ બાકોરના એસપીસી ના બાળકોને વનવિભાગ દ્વારા વૃક્ષોની માહિતી તેમજ વૃક્ષો નો ઉપયોગ તેમજ વન્ય પ્રાણી પક્ષીઓની માહિતી આપવામાં આવેલ છે. વનવિભાગ દ્વારા વનફેરણુ કરાવી વન ઔષધિ, વૃક્ષોનુ જતન,વન અને પર્યાવરણનુ રક્ષણ, વૃક્ષોનુ મહત્વની સમજ આપી બાદ કલેશ્વરી કેમ્પસાઈટ ખાતે સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા પુરી પાડવામાં આવેલ છે. વનવિભાગના હાજર રહેલ કર્મચારી શ્રી ડી.ડી.ગોહીલ, જે.બી. ગોહીલ, એસ.પી.સિસોદિયા તેમજ વનખાતાનો સ્ટાફ હાજર રહ્યા હતા.

# વીરપુર ખેરાલુ ઉપર નવી બસ શરૂ થતાં મુસાફરોમાં ખુશીની લહેર



વિરપુર,

વિરપુર એસટી બસ સ્ટેન્ડ બન્યા પછી બાલાસિનોર ડેપો દ્વારા ઘણી નવી બસો ચાલુ થઈ છે. ત્યારે આજરોજ એક નવી બસ ચાલુ કરતા વિરપુર તાલુકાના મુસાફરોમાં આનંદ છવાયો હતો મુસાફરોની ઘણા લાંબા સમયની માંગણીને ધ્યાનમાં રાખીને વિરપુર થી ખેરાલુ જતી નવી બસ બપોરના ૧-૪૫ કલાકે વિરપુર થી ખેરાલુ જવા રવાના થશે તો ખેરાલુ થી વિરપુર સવારના ૭ કલાકે આવવા રવાના થશે. આ નવી બસ ચાલુ થતાં બસમાં મુસાફરી કરતા મુસાફરો ને સરળતાથી મુસાફરી કરી શકશે તે હેતુથી બસની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ બસનો રૂટ વિરપુર, કુંભરવાડી, લીમડિયા, માલપુર સહિતના રૂટ પરથી પસાર થશે ત્યારે નવીન બસ ચાલુ થતાં મુસાફરોમાં આનંદ છવાયો છે.

# દાહોદ કસ્બા જુના વણકરવાસમાં જુગાર સ્થળે પોલીસે રેઈડ કરી ૩ જુગારીયાને ઝડપ્યા

દાહોદ,

દાહોદ કસ્બા કમેલા જુના વણકરવાસમાં જોરમાં પત્તા-પાના વડે રમાતા હારજીતના જુગાર પર દાહોદ શહેર એ ડીવીઝન પોલિસે ઓચિંતો ચાપો મારી રૂા. ૧૧,૩૬૦ની રોકડા તથા પત્તાની કેટ સાથે ત્રણ જુગારીઆયોને ઝડપી પાડ્યાનું તેમજ એક જુગારીયાઓ પોલિસને ચકમો આપી નાસી ગયાનું જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર દાહોદ કસ્બા, કમેલા જુના વણકરવાસ ખાતે ખુલ્લી જગ્યામાં જાહેરમાં પત્તા પાનાનો હારજીતનો જુગાર રમતો હાવવોના દાહોદ એ. ડીવીઝન પોલિસને બાતમી મળી હતી જે બાતમીના આધારે દાહોદ એ ડીવીઝનના પી.આઈ કે.એન. લાઠીયા, પોતાના સ્ટાફના માણસોને સાથે લઈ ગતરોજ રાત્રીના પોણા આઠ વાગ્યાના સુમારે બાતમીમાં દર્શાવેલ દાહોદ કસ્બા કમેલા જુના વણકરવાસમાં ખુલ્લી જગ્યામાં જાહેરમાં રમાતા પત્તા પાના વડે હારજીતના જુગાર પર દાહોદ કસ્બા મોટા ઘાંચીવાડાના રફીક રસીદ મુંડા, દાહોદ કસ્બા સ્મશાન રોડ પર રહેતા ફિરદોશ ઈસુલ પિંજારા તથા દાહોદ કસ્બા બારીયાવાડમાં રહેતા મહંમદ રફીક શબ્બીરભાઈ હાસા મુસલમાનને ઝડપી પાડ્યા હતા જ્યારે દાહોદ કસ્બા આમલી ફવિયાના ફિરોજ આમીલ પઠાણ પોલિસને ચકમો આપી ફરાર થઈ ગયો હતો પોલિસે દાવ પરના તથા અંગઝડતીના મળી રૂપિયા ૧૧,૩૬૦ની રોકડ તથા પત્તાની કેટ પકડી પાડી કબજે લઈ ઉપરોક્ત ચારે વિરૂધ્ધ જુગારનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ નેશનલ હાઈવે નસીરપુર ગામ પાસે ગેસના બાટલા ભરેલ થ્રી વ્હીલરને ટ્રકે અકસ્માત સર્જી ફરાર

દાહોદ,

દાહોદના ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે નસીરપુર ગામ નજીક ભારત ગેસના બાટલા ભરેલા થ્રી વ્હીરલર ટેમ્પોને અકસ્માત નડ્યો અકસ્માત સર્જી ટ્રક ફરાર થયો હતો.

તારીખ ૧૮મી જાન્યુઆરીને બુધવારના રોજ વહેલી સવારે દાહોદના ઈન્દોર અમદાવાદ નેશનલ હાઈવે ઉપર અકસ્માત સર્જાયો. અકસ્માતમાં ટેમ્પો ચાલકને શરીરે હાથ પગે ગંભીર ઈજાઓ થવા પામી પ્રાપ્ત વિગત અનુસાર ઈન્દોર તરફથી આવતી આઈસર ટ્રકએ ગરબાડા ચોકડી તરફથી આવતા ભારત ગેસના ભરેલા થ્રી વ્હિલર ટેમ્પોને પાછળથી જોસ ભેર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ભારત ગેસના બાટલા ભરેલા થ્રી વ્હીલ ટેમ્પોના બ્રેક લાઈનર ચીપકી જતાં ટેમ્પો ચાલકે થ્રી વ્હિલર ટેમ્પો હાઈવેની સાઈટમાં રોકવા ફરજ પડી હતી. તે દરમિયાન પાછળથી આવતી આઈસર ટ્રકના ચાલકે થ્રી વ્હીલર ટેમ્પોને પાછળથી જોસભેર ટક્કર મારી દેતા ગમખવાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સરજાતા ટેમ્પામાં ભરેલ ગેસના બાટલાઓ હાઈવે પર વખેરાયા હતા. જેમાં અકસ્માત કરી અજાણ્યો આઈસર ટ્રક ચાલક પોતાની ટ્રક લઈ ફરાર થયો હતો અકસ્માત થતાજ આસપાસના લોકો દોડી આવી રોડ પર વખેરાંયલા બાટલાઓ સાઈટ પર લઈ ઈજાગ્રસ્ત ટેમ્પો ચાલકને ૧૦૮ મારફતે ઝાયડસ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતો.

# દે.બારીઆના પીપલોદ ગામે છકડો પલ્ટી જતા ૬૦ વર્ષિય વૃદ્ધાનું દબાઈ જવાથી મોત

પીપલોદ,

પીપલોદ ગામે ચાલકની ગફલતે પુરપાટ દોડી આવતો છકડો પલ્ટી ખાઈ જતાં છકડામાં બેઠેલ મોટીઝરી ગામની ૬૦ વર્ષિય વૃદ્ધાનુ છકડા નીચે દબાઈ જવાને કારણે મોત નીપજ્યું હતુ.

પીપલોદ ગામે છકડા ચાલક પેસેન્જરો ભરી પુરપાટ હંકારી લઈ જતા ચાલકની વધુ પડતી ઝડપથી પીપલોદ ગામે સ્ટિયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા છકડો પલ્ટી ખાઈ જતા મોટીઝરીના સવિતાબેન ઝવરાભાઈ પટેલ છકડા નીચે દબાઈ જતા તેમનુ ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતુ. જયારે પંચેલાના શાંતાબેન પટેલ, લીલાબેન પટેલ, પ્રતાપપુરાના ઉષાબેન દિપસિંગભાઈ તથા મોટીઝરીના કોમલબેનખ ભારતસિંહને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. જયારે છકડાનો ચાલક તેના કબ્જાનો છકડો સ્થળ પર જ મુકીને નાસી ગયો હતો. ઘટનાની જાણ થતાં પીપલોદ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. અને ઉપરોકત ચારેય ઈજાગ્રસ્તોને સારવાર માટે ૧૦૮ મારફતે પીપલોદ સરકારી દવાખાને ખસેડી હતી. તેમજ મૃતક સવિતાબેનની લાશનો કબ્જો લઈ પંચનામુ કરી લાશને પોસ્ટમોર્ટમ માટે પીપલોદ સરકારી દવાખાને મોકલી આપી હતી. આ ઘટના અંગે મૃતકના દિકરા દિલીપભાઈ બાબુભાઈ પટેલની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

# લુણાવાડાના વેપારી દ્વારા પતંગ દોરીના ગુચ્છા ભેગા કરી જમાં કરાવતા ટફન ગ્લાસ અને મોબાઈલ સ્ટેન્ડની ગિફ્ટ આપવાની પહેલ

લુણાવાડા,

ઉત્તરાયણ પર્વ પુર્ણ થતાં રસ્તામાં પડેલી તાર, ઝાડ પર લટકેલી પતંગની દોરીના ગુચ્છા પડી રહેલા જોવા મળી રહ્યા છે. રસ્તામાં પડેલ દોરીના ગુચ્છાથી અનેક પશુઓ તેને ખાવાનો પ્રયત્ન કરે અને કેટલાક પક્ષીઓ તેમાં ફસાઈ પણ જાય અને ઘાયલ થાય તેવી પણ શક્યતાઓ છે. ત્યારે લુણાવાડાના એક વેપારીએ અનોખી પહેલ કરી જીવદયાનુ કાર્ય કર્યુ છે. તા.૧૬ અને ૧૭ જે કોઈ વ્યકિત શહેરમાં પડેલ દોરીના ગુચ્છા લઈ લુણાવાડામાં આવેલ સ્માર્ટ મોબાઈલ એન્ડ ઈલેક્ટ્રોનિક્સની દુકાને જાય તેને દુકાન માલિક શ્રીજી શાહ દ્વારા મફતમાં ટફન ગ્લાસ અને મોબાઈલ સ્ટેન્ડ ગિફ્ત આપે છે. કેટલાય લોકો તેમની દુકાનો શહેરમાં પડેલ વેસ્ટેજ દોરીના ગુચ્છા લઈને પહોંચ્યા હતા. જેઓને તેમના દ્વારા ગિફટમાં ટફન ગ્લાસ અને મોબાઈલ સ્ટેન્ડ આપી દુકાન માલિક શ્રીજી શાહે જીવ દયાનુ એક ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યુ છે.

# આપની આજ.......

મેષ : આજે કોઈ અચાનક સારા સમાચાર આવશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવથી દૂર રહો. બદલાતા વાતાવરણમાં નવી યોજના સફળ થશે. જૂના ઝઘડા અને પરેશાનીઓથી છૂટકારો મેળવો. અધિકારીઓ સાથે સુમેળ વધશે.

વૃષભ : ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી લાભ મેળવવાની તક દિવસભર રહેશે. આયાત-નિકાસનો વ્યવસાય શરૂ કરવાનો નિર્ણય આજે લઈ શકાય છે. આધ્યાત્મિકતા અને ધર્મમાં રુચિ વધશે.

મિથુન : આજે ખૂબ સંઘર્ષ કર્યા પછી તમને પરેશાનીઓમાંથી થોડી રાહત મળશે. ધીરે ધીરે હવે નસીબ પણ તમને ટેકો આપશે. તમને જણાવી દઈએ કે આજે તમને વધતી આર્થિક મુશ્કેલીઓમાંથી પણ રાહત મળશે.

કર્ક : આજે તમે વધુ ભાવનાત્મક થઈ શકો છો. પરિવારમાં તમે ભાઈ-બહેનો વિશે વિચારશો, તમે તેઓને જરૂરી સહયોગ પણ આપશો. તમે કોઈ બાબતમાં ચિંતિત રહી શકો છો. ઉતાવળમાં મોટા નિર્ણયો ના લેશો.

સિંહ : આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્યના આયોજનની ચર્ચા થશે. તમારા જીવનધોરણને સુધારવા માટે તમારે ફક્ત તે વસ્તુઓ ખરીદવી જોઈએ જે કાયમી ઉપયોગની હોય.

કન્યા : આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીના કારણે માન-સન્માન વધશે. આજે ખરીદી અને વેચાણના ધંધામાં લાભ થશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે. મિત્રોમાં રમૂજ વધશે.

તુલા : આજે તમારો સમય ઝડપથી આગળ વધવાનો છે. તમારી અનપેક્ષિત પ્રગતિ જોઈને દરેક લોકો આશ્ચર્યચકિત થશે. તમે પોતાની આ સિદ્ધિઓ જોઈ શકો છે. પ્રગતિની આ ગતિ જાળવવી એ તમારું મુખ્ય કાર્ય હોવું જોઈએ.

વૃશ્ચિક : તમારે આજે એક વિશેષ પ્રકારની ભાગદોડ કરવી પડશે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો. થોડા સમય પછી તમને વધુ સારી ડીલ મળશે.

ધનુ : આજે પ્રગતિના ક્ષેત્રમાં ઘણા રસ્તાઓ ખુલશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો. આજે કોઈને પૈસા ઉધાર ના આપો, તમને તે પાછું મળશે નહીં.

મકર : આજે તમે કારણ વગર ચિંતામાં અને પરેશાન રહેશો. આજે કેટલીક સમસ્યાઓ વાસ્તવિક છે, તેમાંથી કેટલીક તમે તમારા સ્વભાવથી ઊભી કરી હોઈ શકે છે.

કુંભ : આજે તમને કોઈ નવા સંપર્કથી લાભ મળશે. ભૂતકાળના સંદર્ભમાં સંશોધનથી પણ ફાયદો થઈ શકે છે. અટકેલા પૈસા મુશ્કેલીથી મળવા પામશે, રોજિંદા કામમાં નિરાશ ના થાઓ.

મીન : આજે તમે વ્યવસાય વિશે ખાસ ચિંતા કરશો, કારણકે છેલ્લા ઘણા દિવસોથી ધંધાનો નિયમિત નથી. અસ્થિરતા તમને છોડતી નથી. જો તમે નોકરી-ધંધા વગેરે ક્ષેત્રે સંપૂર્ણ સુધારણા ઈચ્છતા હોવ તો તમારે આળસ અને આરામનો ત્યાગ કરવો પડશે. આજે તમારે તમારા કામમાં વધુ ધ્યાન આપવાની જરૂર છે.


# યુધ્ધ વચ્ચે યુક્રેનમાં શાળા પાસે તૂટી પડ્યું હેલિકોપ્ટર, ગૃહમંત્રી સહિત ૧૬ના મોત નિપજયાં

કીવ,

યુક્રેન પર રશિયાની સેનાના હુમલા વચ્ચે રાજધાની કીવ પાસે બ્રોવેરી શહેરમાં આજે એક મોટો હેલિકોપ્ટર અકસ્માત થયો. જેમાં સ્થાનિક ગૃહમંત્રી સહિત ઓછામાં ઓછા ૧૬ લોકોના મોતના સમાચાર છે. મૃતકોમાં બાળકો પણ સામેલ છે. યુક્રેનના ગૃહ મંત્રાલય દ્વારા કહેવાયું છે કે આ અકસ્માતમાં ષડયંત્રની શક્યતાનો ઈન્કાર કરી શકાય નહીં. રહેણાંક વિસ્તારમાં થયેલા આ અકસ્માતમાં ૧૦ બાળકો સહિત બે ડઝનથી વધુ લોકો ઘાયલ થયા છે. જેમને હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

યુક્રેનની રાષ્ટ્રીય પોલીસના પ્રમુખ ઈહોર ક્લેમેનકોએ જણાવ્યું કે કીવના પૂર્વ ઉપનગર બ્રોવેરીમાં ઈમરજન્સી સેવાનું હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું. જીવ ગુમાવનારાઓમાંમાથી ૯ લોકો હેલિકોપ્ટરમાં સવાર હતા. પોલીસના જણાવ્યાં મુજબ હેલિકોપ્ટર દુર્ઘટનામાં ગૃહમંત્રી અને ઉપમંત્રીના મોત થયા છે.

યુક્રેનના સુરક્ષા વિશેષજ્ઞ મારિયા અવદીવાએ ટ્વીટ કરીને જણાવ્યું કે બ્રોવેરી મંત્રી અને યુક્રેનના



આંતરિક મામલાઓના ઉપમંત્રીનું હેલિકોપ્ટર અકસ્માતમાં મોત થયું છે. બાળકોની શાળા પાસે ઈમરજન્સી સર્વીસ હેલિકોપ્ટર તૂટી પડવાથી આ દુર્ઘટના ઘટી. જેમાં ૨ બાળકો સહિત ૧૬ લોકોના મોત થયા.

યુક્રેનના રાષ્ટ્રીય પોલીસ વડા ઈહોર ક્લાયમેક્રોએ જણાવ્યું હતું કે ઈમરજન્સી સર્વિસ હેલિકોપ્ટર કિવના પૂર્વ ઉપનગર બ્રોવરીમાં ક્રેશ થયું હતું. જીવ ગુમાવનારા લોકોમાં ૯ લોકો હેલિકોપ્ટરમાં મુસાફરી કરી રહ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, હેલિકોપ્ટર દુર્ઘટનામાં ગૃહ પ્રધાન ડેનિસ મોનાસ્ટિસ્કી, તેમના નાયબ યેવેન યેનિન અને રાજ્ય સચિવ યુરા લુબકોવિચ માર્યા ગયા હતા. યુક્રેનની સુરક્ષા વિશેષજ્ઞ મારિયા એવડીવાએ ટ્વીટ કરીને જણાવ્યું કે, હેલિકોપ્ટર દુર્ઘટનામાં યુક્રેનના આંતરિક બાબતોના મંત્રી અને નાયબ મંત્રીનું મૃત્યુ થયું છે. ઈમરજન્સી સેવાનું હેલિકોપ્ટર કિન્ડરગાર્ટન પાસે પડતાં આ અકસ્માત થયો હતો. જેમાં ૨ બાળકો સહિત ૧૬ના મોત થયા છે. અકસ્માત બાદ ભીષણ આગ હેલિકોપ્ટર બ્રોવરી શહેરમાં રહેણાંક મકાન નજીક ક્રેશ થયું હતું.

હાલ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે બચાવ કામગીરીમાં લાગેલી છે.સળગતી ઈમારતની અંદર હજુ પણ બાળકો હાજર છે. અમે સંજોગો વિશે માહિતી મેળવી રહ્યા છીએ. આ વીડિયોમાં એક સળગતી ઈમારત દેખાઈ રહી છે. વિડિયોમાં એક રમતનું મેદાન જ્વાળાઓમાં લપેટાયેલું અને હેલિકોપ્ટરના કાટમાળમાં ઢંકાયેલું જોવા મળે છે. રશિયન હુમલામાં પાંચ બાળકો સહિત ૪૪ લોકો માર્યા ગયા હતા દક્ષિણ-પૂર્વ યુક્રેનમાં એક રહેણાંક મકાન પર રશિયા દ્વારા કરવામાં આવેલા મિસાઈલ હુમલામાં પાંચ બાળકો સહિત કુલ ૪૪ લોકો માર્યા ગયા હતા. બહુમાળી ઈમારતમાં લગભગ ૧,૭૦૦ લોકો રહેતા હતા અને અંતિમ મૃત્યુઆંકમાં હુમલા પછી ગુમ થયેલા બે ડઝન લોકોનો સમાવેશ થાય છે, એમ તેમણે જણાવ્યું હતું

રાષ્ટ્રપતિના એક સહાયકે કહ્યું કે મૃતકોની સંખ્યા નક્કી કરવામાં આવી રહી છે. સળગતી ઈમારતની અંદર હજુ પણ બાળકો હાજર છે. અમે સંજોગો વિશે માહિતી મેળવી રહ્યા છીએ. આ ઘટના બાદ સોશિયલ મીડિયા પર એક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં એક સળગતી ઈમારત દેખાઈ રહી છે. અકસ્માત કેવી રીતે થયો, તેની માહિતી હાલમાં મળી નથી. વિડિયોમાં એક રમતનું મેદાન જ્વાળાઓમાં લપેટાયેલું અને હેલિકોપ્ટરના કાટમાળમાં ઢંકાયેલું જોવા મળે છે.

# જામનગર જિલ્લા દૂધ સંઘ તેમજ સાબર ડેરીએ દૂધના ફેટના ભાવમાં વધારો કર્યો, પશુપાલકો ખુશખુશાલ

જામનગર,

જામનગર જિલ્લાના દૂધ ઉત્પાદન સહકારી સંઘના ચેરમેન કાન્તિલાલ ગઢિયા દ્વારા દૂધનો કિલો ફેટે ૧૦નો વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. દૂધમાં પ્રતિ કિલો ફેટના ભાવ વધારો મહિનામાં બીજી વાર કરવામાં આવ્યો હતો તેનાથી પશુપાલકોને ફાયદો થશે. અગાઉ કિલો ફેટ દીઠ ૭૮૦ હતા અને હવે વધારીને કિલો ફેટ દીઠનો ભાવ વધીને ૭૯૦ કરવામાં આવ્યો. હાલ રાજકોટ જિલ્લા દૂધ સંઘ દ્વારા ૭.૫૫ રૂપિયા ભાવ ચૂકવવામાં આવે છે જ્યારે જામનગર દૂધ સંઘ દ્વારા ૭૯૦ કિલો ફેટના આ ભાવ વધારાથી જામનગર જિલ્લાના પશુપાલકોમાં ખુશી વ્યાપી ગઈ હતી.તો સાબર ડેરીએ પણ ગત રોજ ભેંસના દૂધમાં રૂપિયા ૨૦નો વધારો કર્યો હતો આ ભાવ વધારાને પગલે રૂપિયા ૮૦૦ પ્રતિ ફેટે મળશે. તો ગાયના દૂધનો ભાવ કિલો ફેટના રૂપિયા ૭૬૫ મળશે. આ ભાવવધારાને કારણે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના સાડા ત્રણ લાખ પશુપાલકોને ફાયદો થશે. સાબર ડેરી દ્વારા જાહેર કરવામાં આવેલો ભાવ વધારો ૨૧ જાન્યુઆરીથી અમલમાં મૂકવામાં આવશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દે.બારીયા તાલુકાના બે ગામોમાં દારૂ અડ્ડાઓ ઉપર રેઈડ કરી ૫.૯૨ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

ઉંડી તપાસ બાદ દેવગઢ બારીઆ પોલિસે દેવગઢબારીઆ તાલુકામાં જુદા જુદા સમયે બે જુદા જુદા ગામોમાં બુટલેગરના રહેણાંક મકાનમાં ધમધમતા દારૂના બે અડ્ડાઓ પર ઓચિંતી રેડ પાડી બે જગ્યાએથી કુલ મળી ૫.૯૨ લાખ ઉપરાંતના વિદેશી દારૂની પેટીઓ નંગ-૧૧૩ પકડી પાડી કબજે લીધાનું જાણવા મળ્યું છે.

દેવગઢ બારીયાના સિનિયર પી.એસ.આઈ બી.એમ. પટેલને દેવગઢ બારીઆ તાલુકાના જંબુસર પરમાર ફળિયામાં રહેતા બુટલેગરો તેમજ કેલીયા ગામને ખેડા ફળિયામાં રહેતા બુટલેગરના રહેણાંક મકાનમાં ધમધમતા દારૂના અડ્ડા પર વિદેશી દારૂનો જંગી જથ્થો હોવાની ખાનગી બાતમીદાર દ્વારા બાતમી મળતાં જે બાતમીના આધારે સિ.પી.એસ.આઈ બી.એમ. પટેલે પોતાના સ્ટાફના પોલિસ કર્મીઓને સાથે રાખી ગતરોજ બપોરના સાડા ત્રણ વાગ્યાના સુમારે જંબુસર ગામે પરમાર ફળિયામાં રહેતા બુટલેગર મંગળાભાઈ વેચાતભાઈ બારીયા તથા રાકેશભાઈ મંગળાભાઈ બારીયાના રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી પાડી તેઓના ઘરમાંથી ભારતીય બનાવટની ઈંગ્લી દારૂની ગોવાવ્હીસકીની રૂા.૪,૩૬,૫૬૦ની મિંતની ૧૮૦ મીલીની ૪૦૮૦ નંગ બોટલ નંગ ભરેલ પેટી નંગ-૮૫ તથા લંડન પ્રાઈડની રૂા. ૪૨,૯૧૨ ની કિંમતની ૧૮૦ મીલીની કાચની ૨૮૮ બોટલ ભરેલ પેટીઓ નંગ-૬ મળી કુલ રૂપિયા ૪,૭૯,૪૭૨ ની કિંમતની બોટલ નંગ-૪૩૬૮ ભરેલ પેટી નંગ-૯૧ પકડી પાડી કબજે લઈ તપાસ કરતા સદર દારૂનો જથ્થો કેળીયા ગામના બળવંતભાઈ પારસીંગભાઈ પટેલ તથા ચીમનભાઈ પારસીંગભાઈ પટેલ પોતાની ફોરવ્હીલ ગાડીમાં ભરી ઉપરોક્ત બુટલેગરોના ઘરે મુકી ગયાનું જાણવા મળતાં દે.બારીયા પોલિસે કેલીયા ગામના ઉપરોક્ત ચારે બુટલેગરો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથધરી ચારેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

જ્યારે સાંજના સાડા પાંચ વાગ્યાના સુમારે દેવગઢ બારીયા પોલિસની ઉપરોક્ત ટીમે કેલીયા ગામે ખેડા ફળિયામાં રહેતા બળવંતાઈ પારસીંગભાઈ પટેલ નામના બુટલેગરના રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડી રૂા. ૧,૧૨,૯૯૨ની કુલ કિંમતની ભારતીય બનાવટની ઈંગ્લીશ દારૂ ગોવાવ્હીસીકી માર્કાની ૧૮૦ મીલીની પ્લાસ્ટીકની બોટલ નંગ-૧૦૫૬ ભરેલ પેટી નંગ-૨૨ પકડી પાડી કબજે લીધી હતી જ્યારે પોલિસની રેડ સમયે બુટલેગર ઘરે હાજર ન હોવાથી પોલિસ તેને પકડી શકી ન હતી. પોલિસે આ સંબંધે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ શહેરમાં મેન્ટેનન્સના નામે દર મંગળવારે વીજ પુરવઠો બંધ રાખતાં લોકોને હાલાકી

દાહોદ,

દાહોદ શહેર માત્ર ૬ કીલોમીટરની ત્રિજ્યામાં વસેલું શહેર છે અને શહેરની વસ્તી ૧.૨૫ લાખ જેટલી માનવામાં આવે છે. શહેરમાં તમામ રહેણાક વિસ્તારોમાં વીજ જોડાણો શહેરીજનોએ લીધેલા છે અને વીજ ચોરીની ઘટનાઓ પણ શેહરમાં નથી. પ્રાણામિક પણે શહેરીજનો વીજ પુરવઠાના નાણાં ચુકવે છે. સ્લમ વિસ્તારોમાં પણ વીજ ચોરીની ફરિયાદો અન્ય નગરો મહાનગરોની માફક સાંભળવા મળતી નથી. ઉદ્યોગો પણ મર્યાદિત સંખ્યામાં છે તેમાંયે જીઆઈડીસી ગ્રામ્ય વિસ્તારમાં છે. જેથી શહેરીજનોને તેના કારણ પણ રાહત છે. શહેરમાં કેટલાક વિસ્તારોને બાદ કરતા વીજ કંપનીની ફરિયાદો પણ સવિશેષ નથી. મુખ્યત્વે ચોસામામાં કેટલાક વિસ્તારોમાં સામાન્ય વરસાદ કે સામાન્ય પવનોની સાથે જ વીજ પુરવઠો નિયમિત રીતે ખોરવાઈ જાય છે અને કલાકો સુધી તે પૂર્વવત ન થતા વીજ કચેરીએ શહેરીજનોના ટોળા ઉમટી પડે છે. કારણે કે પ્રિમોન્સુન કામગીરીના નામે ચોમાસા પહેલા દર મંગળવારે કલાકો સુધી વીજપુરવઠો બંધ રાખ્યા પછીએ તેનો કોઈ અર્થે સરતો ન હોવાથી જે તે વિસ્તારના વીજગ્રાહકોમાં સ્વાભાવિક રીતે જ ભારોભાર રોષ ફેલાય છે. તેમ છતાં ગત ચોમાસા સુધી તેમાં કોઈ ઝાઝો સુધારો આવ્યો નથી તે સનાતન સત્ય છે. હવે શિયાળો જામ્યો છે ત્યારે ફરીથી વીજ પુરવઠો મંગળવારે બંધ રાખવાની શરૂઆત થઈ છે. તા. ૧૭ જાન્યુઆરીના રોજ મંગળવારે સવારે ૭ વાગ્યાથી વીજપુરવઠો બંધ કરી દેવાયો હતો જે બપોરના ૩ કલાકે ચાલુ કરવાની જાહેરાત વીજ કંપની દ્વારા આગવા દિવસે કરવામાં આવી હતી. જેમાં શહેરના મોટા ભાગના ફિડરો બંધ કરાયા હતા. ગોવિંદ નગર ફીડર, રેસ્ટ હાઉસ ફીડર, હનુમાન બજાર ફીડર, કલ્યાણ સોસાયટી ફીડર, સ્ટેશન રોડ ફીડર, દર્પણ રોડ ફીડર, સહકાર નગર ફીડર અને એલઆઈસી ફીડરોને સમાવેશ થાય છે. આ ફીડરોમાં શહેરના મોટાભાગના વિસ્તારો સમાવિષ્ટ હોવાથી નાગરિકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વીજ પુરવઠો બંધ રહેવાની સુચના સાથે જ શહેરીજનોએ સોશ્યલ મિડીયામાં સવાર જવાબ કર્યા હતા ત્યારે નાયબ કાર્યપાલક ઈજનેરે જણાવ્યું હતું કે, ૧૩૨ કેવી રાબડાલ સબ સ્ટેશનમાં મેન્ટેનન્સ કરવાનું હોવાથી વીજ પુરવઠો બંધ કરવામાં આવ્યો છે. આ બાબતે જાગૃત્ત નાગરિક મનોભાઈ કીકલાવાલાએ એવો પ્રશ્ન કર્યો હતો કે મહાનગરોમાં પણ આટલો લાંબો સમય વીજ પુરવઠો બંધ રખાતો નથી ત્યારે નાનકડા દાહોદ શહેરમાં જ મેન્ટેનન્સના નામે દર મંગળવારે વીજ પુરવઠો બંધ રાખવો પડે છે.

# દે.બારીયાની સરકારી પ્રા.શાળાઓનું શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા માટે ગુલ્લેબાજ શિક્ષકોને પહેલા નિયમિત કરવા માટે પગલાં ભરવા પડશે

દે.બારીયા,

હાલમાં જ ગુજરાતની સંવેદનશીલ અને ગતિશીલ સરકારે જાહેરાત કરી છે. શાળાઓમાં મોડા પહોંચતા અને બેદરકારી દાખવતાને હરગીજ ચલાવી નહિ લેવાય આ કહેવા પુરતું ના રહે પરંતુ તેની અમલવારી કરી બતાવી પડશે અને બી.આર.સી. થકી જે ઈન્સ્પેકશન નામે લેવડ દેવડ પહેલા બંધ કરાવી પડશે. તો જ શિક્ષણનું સ્તર ઉંચુ લાવી શકાશે. તેમાં મત નથી. લાગતા વળગતા તાલુકાના શિક્ષણ અને જીલ્લાનું શિક્ષણ વિભાગ એકશનમાં આવે તો ખરૂં.

મળતી માહિતી અનુસાર ગ્રામ્યની અંતરીયાળ અને ડુંગરીયાળ વિસ્તારોની તમામ સરકારી પ્રાથમિક શાળાના અને પ્રોપરની શાળાના શિક્ષકો વારા ફરતી ગુલ્લીઓ મારવામાં માહિર છે. આજે તમારે શાળામાં નહિ આવવું બીજા દિવસે મારે નહિં આવવું આમ વારા મુજબ શાળાઓમાં ગુલ્લા ચાલે છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, શાળામાં ગુલ્લીમાર હોય તો શિક્ષકો સાથી શિક્ષકના બચાવ કરવા માટે ઓફિસના કામ અર્થે તાલુકામાં ગયા છે. તેવું બહાનું ચલાવે છે. પરંતુ શિક્ષણ વિભાગને પરિપત્રમાં સ્પષ્ટ લખાયેલું છે કે તાલુકા માટેના કાર્ય અર્થે પહેલો અને ત્રીજો શનિવારે આવવું જેથી આ સરકારના પરિપત્રનું ઉલ્લંઘન થતું હોય છે. જેથી પદના અધિકારીઓ શાળા ઓચિંતી મુલાકાતોનું દૌર ચલાવે તો જ ગુલ્લેબાજ તેમજ શિક્ષિકાઓ પણ ગુલ્લેબાજીમાં પાછળ નથી. તાલુકા સી.આર.સી.ઓ ત્રિમાસીક વિઝીટની આડમાં શિક્ષક દીઠ પાંચ સો રૂપીયાની લેવડ્દેવડ થતી હોય છે. તેમાં ના પડે અને પોતાના ચેમ્બરો છોડી આકસ્મીક સરપ્રાઈઝ મુલાકાતની નીતિ અપનાવવી પડશે. તો જ ગુલ્લા મારતા શિક્ષકો ઝપડાશે હાલમાં ઠંડીની પુરજોશ સીઝન ચાલે છે. તેવા સમયે ત્રણ વાગ્યાના સમય બાદ તેમજ સવારની પાળીમાં સાંજના સમયના એક કલાકમાં શાળાની મુલાકાત માટે ઓચિંતા જવું. શાળાઓમાં જેટલા શિક્ષકો હાજર હોય છે. તેઓ ટોળુ વળી બેસી રહેતા હોય છે. બાળકો આમ તેમ રખડતા દેખવા મળે છે. શહેર અને અંતરીયાળ તેમજ ડુંગરીયાળની શાળાઓમાં રજીસ્ટરમાં નોંધાયેલા બાળકો મુજબની હાજરી હોતી જ નથી. તેમાં મહેકમની જાળવણી માટે જે હાજર બાળકો ના હોય તો તેવા બાળકોની હાજરી પુરી દેવાતી હોય છે. તેથી સરકારી તિજોરી ઉપર કરોડો અબજોનું ભારણ પડે છે. આ કાવતરા કરવા માટે કોમ્પ્યુટર ફીંગરને ખોટખાયલો બતાવાય છે. તે ખોટખાયલા કોમ્પ્યુટર અથવા ફીંગરના ઉપકરણનો ખુલાસો માંગવો પણ રહ્યો.

# "સેવા પરમો ધર્મ" બાળકોને સ્વેટર વિતરણ કરાયું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત સ્કૂલ આર એન્ડ એલ પંડ્યા હાઈસ્કુલ અને એસ એમ કુંડાવાલા હાયર સેકન્ડરી સ્કુલ દ્વારા બાળકોમાં સેવાના ઉત્તમ ગુણોનું સંવર્ધન થાય એ ઉમદા હેતુથી "સેવા પરમો ધર્મ" ઉક્તિને સાર્થક કરતા ઉદાહરણ સ્વરૂપે પ્રાથમિક શાળાના બાળકોની સંવેદના સમજી સ્વેટરનું વિતરણનું સેવા કાર્ય કરે છે. અંતરિયાળ ગામના પ્રાથમિક શાળાના બાળકોને કડકડતી ઠંડી સામે રક્ષણ મળી રહે તેમ જ તે નિયમિત શાળામાં આવી અભ્યાસ કરી શકે શુભ આશયથી સ્વેટર વિતરણ કરવામાં આવે છે. આ સેવા યજ્ઞમાં દાતા તરીકે વસંતભાઈ કારેલીયા દ્વારા પુત્ર જયેશભાઈની યાદગીરીમાં, કામિનીબેન રાંદેરી, રણછોડભાઈ દરજી, તુલસી અર્પિલ શાહ, રાજકુમાર સહેતાઈ, અલ્કેશભાઈ શેઠ, દિનેશભાઈ લીમ્બાચીયા ઉપરાંત ધોરણ ૧૧, ૧૨ સાયન્સમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ પોતાનો ફાળો આપે છે. આ કાર્યમાં ધર્મેશભાઈ લાલપુરીયા, સમીરભાઈ ચૌધરી તેમજ અન્ય શિક્ષક મિત્રો પણ ઉત્સાહપૂર્વક ભાગ લે છે. આ કાર્ય ૧૦ વર્ષથી મદદનીશ શિક્ષક કમલેશ લીમ્બાચીયા અને ઉમંગ દરજી દ્વારા સમગ્ર કાર્યક્રમ સુવ્યવસ્થિત આયોજન અને સંચાલન કરવામાં આવે છે. આ વર્ષે ૫૪૫ બાળકોને સ્વેટર વિતરણ કરવામાં આવ્યું. જેમાં (૧) અભલોડ મુખ્ય પ્રાથમિક શાળા-૧૦૦ સ્વેટર (૨) કાંટેજ ફળિયા વર્ગ પ્રાથમિક શાળા નસીરપુર-૬૦ સ્વેટર (૩) વાણીયા વાવ પ્રાથમિક શાળા ખરોડ-૬૦ સ્વેટર (૪) પેલીઘેડ ફળિયા વર્ગ પ્રાથમિક શાળા ખૂટખેડા-૬૫ સ્વેટર (૫) પાડા મુખ્ય પ્રાથમિક શાળા-૫૦ સ્વેટર (૬) કથોલીયા મુખ્ય પ્રાથમિક શાળા-૧૦૦ સ્વેટર (૭) ટાઢાગોળા માવી ફળિયા વર્ગ પ્રાથમિક શાળા-૫૦ સ્વેટર (૮) બાવકા મુંડકા પ્રાથમિક શાળા-૬૦ સ્વેટર આપવામાં આવ્યા. પ્રાથમિક શાળાના બાળકોને ઠંડીમાં સ્વેટર મળતા ખુશીની લહેર પ્રસરે છે. તેમજ પ્રાથમિક શાળાના આચાર્યઓ અને શિક્ષક મિત્રો પણ આવા ઉમદા કાર્યને લઈ આભાર વ્યક્ત કરે છે, સાથે સાથે આવું કાર્ય નિરંતર ચાલ્યા કરે એવી શુભેચ્છા પણ વ્યકત કરે છે. શાળાના ઈન્ચાર્જ ઈ આચાર્ય આર.એસ.પટેલ દ્વારા પણ સમગ્ર ટીમને અભિનંદન પાઠવી શુભેચ્છા આપી હતી.

# ઝાલોદ વ્યાપારી એસોસીએશનના નવાં વર્ષની ચૂંટાયેલ સભ્યો સાથે કારોબારી મીટિંગ યોજાઈ


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

તારીખ ૧૬.૦૧.૨૦૨૩ મંગળવારના રોજ ઝાલોદ નગર વેપારી વ્યવસાય એસોસિએશનનાં નવા ચૂંટાયેલ અને જુના કારોબારી સભ્યોની મીટીંગ યોજાઈ હતી. આ મીટીંગ શુભકરણ અગ્રવાલની ઓફિસે યોજાઈ હતી. આ મીટીંગમાં સહુ નવાં ચૂંટાયેલા વ્યાપારી સભ્યો અને જુના કારોબારી સભ્યો સહુ ઉપસ્થિત રહ્યા હતા.આ મીટિંગ શુભકરણ અગ્રવાલની દુકાન પર રાત્રે ૮:૦૦ કલાકે નવા હોદ્દેદારોની નિમણુક માટે મળી હતી. જેમાં આજની મીટીંગના અદયક્ષ તરીકે યજ્ઞેશ પંચાલની નિમણૂક થઈ હતી. તેમની અદયક્ષતામાં ઉપસ્થિત સહુ કારોબારીના વ્યાપારિયોની સંપત્તિ થી વર્ષ ૨૦૨૩-૨૪ના નવા વર્ષ માટે નવાં હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ સ્થાને શુભકરણ અગ્રવાલ ઉપપ્રમુખ કે.કે.નાયર મંત્રી મુકેશ અગ્રવાલ સહમંત્રી નરેન્દ્રકુમાર જૈન અને કોષા અદયક્ષ અનિલ પંચાલની નિમણૂંક સર્વ સંમતિથી કારોબારીના ઉપસ્થિત કુલ ૨૦ સભ્યોની ઉપસ્થિતિમાં નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. નવા હોદ્દેદારોને ઉપસ્થિત સહુ કારોબારી સભ્યોએ શુભેચ્છા પાઠવી હતી.ત્યાર બાદ મીટીંગ રાત્રે ૯:૩૦ કલાકે સૌ સાથે ભોજન લઈ પૂર્ણ કરવામાં આવી હતી.

# ઝાલોદ તાલુકાના કાળી મહુડી પ્રાથમિક શાળાને ૭૫ વર્ષ પૂર્ણ થતા અમૃત મહોત્સવ ઉજવાયો



ઝાલોદ,

ઝાલોદ તાલુકાની કાળી મહુડી પ્રાથમિક શાળામાં ૭૫ વર્ષ પૂર્ણ થતા અમૃત મહોત્સવની શાનદાર ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમો, આનંદ મેળો, વ્યસન મુકિત, આરોગ્ય વર્ધક ઉકાળા ના સ્ટોલ લગાવવામાં આવ્યા તેમજ શાળાની જન્મ જયંતી કેક કાપી ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ઝાલોદ તાલુકાની કાળી મહુડી પ્રાથમિક શાળાને ૭૫ વર્ષ પૂર્ણ થતા અમૃત જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરાવી હતી. મુખ્ય અધ્યક્ષ સ્થાને ૧૩૦-ઝાલોદ વિધાનસભાના લોકલાડીલા ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન આર.એસ.નિનામા, (IAS), ડી.પી.ઈ. ઓ. દાહોદ મયુરભાઈ પારેખ, ટી.પી.ઓ, બી.આર.સી, ભૂતપૂર્વ વિદ્યાર્થી અનિલભાઈ યુ.નિનામા (PSI), સુરતાનભાઈ કટારા, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તેમજ ગામના સરપંચ અને ગ્રામજનો હાજર રહ્યા હતા. શાળાના આચાર્ય રોશનીબેન એસ. બિલવાળ અને સ્ટાફ મિત્રોના સુંદર આયોજનથી શાળાના અમૃત મહોત્સવની ધમાકેદાર ઉજવણી કરવામાં આવી. અધ્યક્ષ મહોદય મહેશભાઈ ભુરીયા એ શાળાનો સમગ્ર વિકાસ થાય તે માટે શાળામાં સુંદર મેદાન પુસ્તકાલય બનાવવાની બાહેંધરી આપવામાં આવી. મહેશભાઈ ભુરીયાએ સાંસ્કૃતિક કાર્યક્રમ નિમિત્તે ૨૧,૦૦૦રૂપિયા, આર.એસ. નીનામા ૧૦,૦૦૦ રૂપિયા, અનિલભાઈ યુ. નિનામા રૂા.૧૦,૦૦૦/- ની ભેટ આપી હતી. કાર્યક્રમમાં ગામના સરપંચ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા શાળાના આચાર્ય રોશનીબેન બિલવાલ અને સ્ટાફ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ઝાલોદ નગરમાં ATM બદલી લોકોના ખાતામાંથી રૂપિયા ઉઠાવનાર ઠગ ઝડપાયો

દાહોદ,

ઝાલોદ નગરના એ.ટી.એમ મથક પર એક યુગલ તારીખ ૧૬-૦૧-૨૦૨૩ નાં રોજ બપોરના સમયે રૂપિયા ઉપાડવા આવેલ હતો. તે યુગલ રૂપિયા ઉપાડતો હતો તે દરમ્યાન બીજો અજાણ્યો યુવક ત્યાં હાજર હતો. રૂપિયા ઉપાડનાર યુગલની મદદ કરવાના બહાને અજાણ્યા યુવક દ્વારા યુવક દ્વારા ઉપસ્થિત યુગલ પર નજર રાખી પાસવર્ડ ડાયલ કરતા જોઈ ગયો અને ત્યાર બાદ અજાણ્યા યુવક દ્વારા તે યુગલને મદદ કરવાના ઝાસાંમા ભરમાંવી એ.ટી.એમ કાર્ડ બદલી નાખી રૂપિયા નથી ઉપડતા તેમ કરી ઉપસ્થિત યુગલને બદલી નાખેલ એ.ટી.એમ આપી દીધું. જેથી તે યુગલ તે એ.ટી.એમ છોડી ત્યાથી જતો રહેલ હતો. થોડી વાર પછી રૂપિયા ઉપાડનાર યુગલના ખાંતા માંથી રૂપિયા ઉપડી ગયાનો મેસેજ આવતા યુગલને છેતરપિંડી થયાનો અહેસાસ થતાં પાછો એ.ટી.એમ મથકે આવ્યો અને એ.ટી.એમ સંચાલકને કંપલેન કરી. તેથી એ.ટી.એમ સંચાલક દ્વારા સમગ્ર ઘટનાનો વિડિયો જોઈ યુગલ સાથે ઉપસ્થિત થડ યુવકને નજરમાં રાખી તપાસ કરવાની બાંહેધરી આપી હતી. બીજે દિવસે ૧૭-૦૧-૨૦૨૩ નાં રોજ ઠગાયેલ યુગલ અને એ.ટી.એમનાં સંચાલક દ્વારા એ.ટી.એમ પર આવતા જતા દરેક લોકો પર નજર રાખવામાં આવેલ હતી. સાંજના સમયે ફરી તે ઠગ એ.ટી.એમ પર અન્ય વ્યક્તિઓને ઠગવાના આશયથી ત્યાં આવતા એ.ટી.એમ સંચાલક દ્વારા અને ઠગાનાર યુગલ દ્વારા તેને શંકાના આધારે ઓળખી પકડવા ગયા હતા. ત્યારે તે ઠગ યુવક ત્યાથી દોડી ભાગી ગયો હતો. ત્યારે એ.ટી.એમ સંચાલકનો શક વધુ મજબૂત થતાં તેઓ અને અન્ય લોકોએ બૂમાબૂમ કરી દોડીને તે યુવકને પકડી પાડી શંકાને આધારે પોલીસને શોપી દેવામાં આવ્યો હતો.

# ફતેપુરાના વિધુરના લગ્ન મોરવા(હ)ની વિધવા સાથે કરાવી બે મહિલાઓએ છેતરપિંડી કરતા ફરિયાદ

સુખસર,

ફતેપુરા તાલુકાના સુખસર પાસે આવેલા એક ગામમાં રહેતા વિધુરને મોરવા(હ)તાલુકાના એક ગામની વિધવા સાથે રૂ.૪૨ હજાર લઈને લગ્ન કરાવ્યાના છ દિવસ બાદ મહિલાના ગામની બે મહિલાઓએ મહેમાન તરીકે આવી વધુ રૂ.૩૦ હજારની માંગણી કરતા તેમને રૂપિવા આપવાની ના પાડતા મહિલાઓ લગ્ન કરીને આવેલી મહિલાને સાથે લઈ રફુચકકર થઈ જતા વિધુરે મોરવા(હ)પોલીસ સ્ટેશને આ બાબતે ફરિયાદ નોંધાવી હતી.

સુખસર પાસેના ગામના ૫૦ વર્ષના વ્યકિતની પત્નિ ચાર વર્ષ અગાઉ મૃત્યુ પામી હતી. છ માસ અગાઉ તેમની પુત્રી બિમાર થતાં તેને વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે લઈ જવાઈ હતી. જયાં તેમની મુલાકાત મોરવા(હ)તાલુકાના એક ગામના વ્યકિત સાથે થઈ હતી. જે તેની પત્નિની સારવાર માટે ત્યાં આવ્યો હતો. જેણે તેમને પોતાના ગામની એક વિધવા મહિલા સાથે લગ્ન કરાવી આપવાની લાલચ આપી હતી. થોડા દિવસ ઘરે પરત ગયા બાદ મોરવા(હ)ના વ્યકિતએ બીજા ત્રણ વ્યકિતઓ સાથે વિધવા મહિલાનો પરીચય વિધુરને કરાવ્યો હતો. જેમાં લગ્ન માટે દહેજ પેટે રૂ.૬૫,૦૦૦ અને ૫૦૦ગ્રામ ચાંદી આપવાનુ નકકી થયુ હતુ.જેમાંથી આણાના સમયે રૂ.૩૦,૦૦૦ તથા ખર્ચના રૂ.૧૨,૦૦૦ મળી રૂ.૪૨,૦૦૦ અને ૫૦૦ ગ્રામ ચાંદી આપતા વિધુર આણુ કરી મહિલાને તેના ઘરે લઈ આવ્યો હતો. તેના છ દિવસ બાદ મોરવા(હ)થી મહિલાની બે પરિચિત મહિલા મહેમાન બનીને આવી હતી. જેમણે બાકીના રૂ.૩૫,૦૦૦ની માંગણી કરી હતી. જેથી તેમણે સોદો નકકી કરનાર વ્યકિતને બાકીના નાણાં આપવાનુ જણાવતા બંને મહિલા નવોઢાને લઈ જતી રહી હતી. ત્યારબાદ તેમણે લગ્ન કરાવનાર મોરવા(હ)ના ચારેય આગેવાનોને મળવા છતાં અને મોબાઈલ પર વાત કરવા છતાં કોઈ સંતોષકારક જવાબ ન મળતા તેમણે પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનુ જણાતા વિધુરે મોરવા(હ)પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

# દાહોદ તાલુકાના છાપરી ગામ ખાતે પોકશો એકટ ની જાણકારી અપાઈ

દાહોદ,

સેવાકીય સ્તરે કાર્ય કરતી વિશ્વસ્તરીય રોટરી કલબ ની શાખા રોટરી કલબ ઓફ ડાયમંડ દાહોદ ની ટીમ દ્વારા દાહોદ તાલુકાના છાપરી ગામે ગ્રામજનોને પોકશો એકટની જાણકારી ક્લબના સેંક્રેટરી હીરાલાલ સોલંકી એ આપી હતી અને ૧૮ વર્ષ થી ઓછી ઉંમરના યુવક યુવતીઓને સજાગ રહેવા અનુરોધ ર્ક્યો હતો.

પોક્સો એક્ટ જાગરૂક્તા કાર્યક્રમમાં વકીલ ડી.આર. બેનીવાલે મહેસૂલ એક્ટની જાણકારી આપી હતી. કાર્યક્રમમાં છાપરી ગામના સરપંચ લતાબેન શૈલેષભાઈ નિનામા, ઉપસરપંચ નિલેશભાઈ, સામાજિક અગ્રગણ્યો કાળુભાઈ નિનામા, બાબુભાઈ નિનામા, રાજેશભાઈ ભાભોર, તલાટી કમ મંત્રી બિપીનભાઈ જાદવ,ગામના આગેવાન મેતાભાઈ કિશોરી, ભરતભાઈ ભુરીયા ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. કાર્યક્રમમાં ૫૦ થી વધુ ગ્રામજનો ઉપસ્થિત રહી લાભ મેળવ્યો હતો.

# લીમડી ગામે બંધ મકાનમાંથી ૧.૯૪ લાખના મુદ્દામાલની ચોરી કરતા તસ્કરો

દાહોદ,

લીમડીમાં તસ્કરોએ બંધ ઘરને નિશાન બનાવી રોકડા રૂપિયા અને દાગીના મળીને ૧.૯૪ લાખના મુદ્દામાલની ચોરી કરી હતી.

લીમડીના પુનાભાઈ મોરી (માળી)કોઈ પ્રસંગમાં હાજરી આપવા ઘરે તાળુ મારી પરિવારજનો સાથે ગયા હતા. બીજા દિવસે સવારે વહેલા ઘરે આવી ગયા હતા દરમિયાન તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી તાળુ તોડી તસ્કરોએ લોખંડની તિજોરી તોડી તિજોરીના લોકરમાં મુકેલ સોનાનો સેટ, સોનાનુ કડુ, સોનાની વિંટી, સોનાની બોરમાળા વગેરે મળી ૧.૨૦ લાખના ૬ તોલા વજનના સોનાના દાગીના, ચાંદીના ઝુમકા, ચાંદીની ઝાંઝરી, ચાંદીના બે ભોરિયા, તથા ચાંદીના તોડા મળી રૂ.૪૯,૦૦૦ના આશરે ૧ કિલો ૩૦૦ ગ્રામ વજનના જુના દાગીના તેમજ અરબન બેંકના ચાંદીના સિકકા તથા રૂ.૨૫,૦૦૦ની રોકડ મળી કુલ રૂ.૧,૯૪,૦૦૦/-ની મત્તા ચોરીને લઈ ગયા હતા. પુનાભાઈ મોરીએ નોંધાવેલ ફરિયાદને આધારે લીમડી પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.127

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# પંચમહાલ જીલ્લાના ૮ માં એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટીવલ ગોધરાના પોપટપુરા ખાતે યોજયો





ગોધરા,
પંચમહાલ જીલ્લાના આઠમો એજ્યુકેશન ઈનોવેશન ફેસ્ટીવલ ગોધરાના પોપટપુરા ખાતે શિક્ષણમાં નાવિન્યના સ્લોગન હેઠળ જીલ્લા શિક્ષણ તાલીમ ભવન દ્વારા યોજવામાં આવી રહ્યો છે. આ કાર્યક્રમમાં જીલ્લાની ૬૦ જેટલી પ્રાથમિક અને માધ્યમિક શાળાના શિક્ષકો દ્વારા અભ્યાસમાં ન્યાવિનીકરણ લાવવા માટે તૈયાર કરેલ કૃતિઓ રજુ કરવામાં આવી તેમજ કૃતિ આધારીત પુસ્તકનું વિમોચન કરાયું.

જી સી ઈ આ ર ટી ગાંધીનગરના નેજા હેઠળ સરકાર દ્વારા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં અભ્યાસ કરાવતા શિક્ષકોને તાલીમ આવીને વિદ્યાર્થીઓને સરળ શિક્ષણ પુરુ પાડી શકે તેવા પ્રયાસો કરવામાં આવતાં હોય છે. શિક્ષકો દ્વારા પણ પોતાની સુઝબુઝ સાથે વિદ્યાર્થીઓને સરળ રીતે શિક્ષણ આપી શકાય તે માટે કૃતિ તૈયાર કરવામાં આવતી હોય છે અને શિક્ષકો દ્વારા તૈયાર કરેલી કૃતિ અંગેનું પરફોમનસ રજુ કરવા માટે સરકાર છેલ્લા સાત વર્ષથી જીલ્લાકક્ષાઓ કાર્યક્રમનું આયોજન જીલ્લા શિક્ષણ વિભાગ અને તાલીમ ભવન દ્વારા કરવામાં આવતું હોય છે. પંચમહાલ જીલ્લા કક્ષાના આઠમાં એજયુકેશન ઈનોવેશન ફેસ્ટીવલ કાર્યક્રમનું બે દિવસનું આયોજન ગોધરાાના પોપટપુરા પ્રાથમિક શાળા ખાતે જીલ્લા પંચાયત પ્રમુખની અદયક્ષતામાં કરાયું હતું. તેમાં જણાવ્યું કે શિક્ષકો દ્વારા ખુબ સારો અને ભગીરથ પ્રયાસ કરવામાં આવે છે. જે સભ્યના અન્ય શિક્ષકો માટે પણ પ્રેરણાદાયી રહેશે. ડાયર પ્રાચાર્વ, ડાયેટ સીનિયર લેકચર, જીલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન, શિક્ષક મહાસંઘના સભ્યના મહામંત્રીએ મોટીવેશન અંગે શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રેરણાબદ્ધ પુરુ પાડયું હતું. કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના મુખ્ય દંડક અરવિંદસિંહ પરમારે જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની ગેરહાજરી અંગે જાહેર મંચ ઉપરથી ટકોર કરી.

**- કાર્યક્રમમાં જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની ગેરહાજરી.**
**- જીલ્લા પંચાયત દંડકે શિક્ષણાધિકારીની ગેરહાજરી અંગે દુઃખ અને નારાજગી વ્યકત કરી.**

કાર્યક્રમ દરમિયાન જિલ્લા પંચાયતના મુખ્ય દંડક અરવિંદસિંહ પરમારે કાર્યક્રમમાં પ્રાથમિક શિક્ષણાધિકારીની ગેરહાજરી અંગે ગંભીરતાપૂર્વક નોંધ લેતાં જાહેર મંચ ઉપરથી જણાવ્યું હતું કે જ્યાં બાળકોના મોટીવેશનનો કાર્યક્રમ હોય ત્યાં જિલ્લાના મુખ્ય પ્રાથમિક શિક્ષણાઅધિકારી જ ગેરહાજર રહે ત્યારે જિલ્લાના વિદ્યાર્થીઓ માટે શિક્ષણમાં ખૂબ સુધારો લાવવો હોય ત્યારે શું અપેક્ષા રાખી શકાય એ એક યક્ષ પ્રશ્ન છે. દંડકના આ ઉદ્દબોધન દરમિયાન ઉપસ્થિત સૌમાં એક તબક્કે સન્નાટો વ્યાપી ગયો હતો.

# શહેરા થી પાનમ ડેમ તરફ જતો ૩૦ ગામોને જોડતો રસ્તો બિસ્માર


તસ્વીર : તુષાર દરજી, શહેરા

**- પાનમ પાટીયા થી પાનમ ડેમ તરફ જતો રસ્તો વાહન ચાલકો હેરાન પરેશાન.**
**- ડામર રસ્તો પાછલા એક વર્ષ ઉપરાંત થી ખાડા પડી જવા સાથે વાહન ચાલકો માટે કમરતોડ સાબિત થઈ રહયો.**

શહેરા,
શહેરાના પાનમ પાટીયા થી પાનમ ડેમ તરફ જતો રસ્તો એક વર્ષ ઉપરાંત થી અનેક જગ્યાએ તૂટેલો હોવા છતાં રસ્તો નવીન નહી બનતા વાહન ચાલકોનો આક્રોશ તંત્ર સામે જોવા મળી રહ્યો હતો. આ રસ્તો ૩૦ ગામોને જોડતો હોવા સાથે સંતરામપુર જવાનો ટૂંકો માર્ગ હોવા છતાં સંબંધિત તંત્ર ને રસ્તાને નવીન બનાવવા કે મરામત કરવામાં પણ કોઈ રસ નથી.

શહેરા થી પાનમ ડેમ તરફ જતો રસ્તો બિસ્માર બની ગયો છે.પાનમ પાટીયા થી ગઢ થઈને પાનમ ડેમ સહિત ૩૦થી વધુ ગામોને જોડતો ડામર રસ્તો પાછલા એક વર્ષ ઉપરાંત થી ખાડા પડી જવા સાથે વાહન ચાલકો માટે કમરતોડ સાબિત થઇ રહયો છે. ડામર રસ્તા ઉપર અનેક જગ્યાએ મસમોટા ખાડા પડી ગયા હોવાથી વાહનોને પણ નુકશાન થતું હોય છે. આ રસ્તા ઉપર દિવસ અને રાત્રી દરમિયાન વાહનો ની સતત અવર-જવર રહેતી હોવા છતાં સબંધિત તંત્ર દ્વારા અહી કોઈ મોટી ઘટના બને તેની રાહ દેખી રહયું હોય કે પછી શુભ મુહૂર્ત આવે ત્યારે રસ્તાની મરામતની કામગીરી કરશે કે શું ? અહીથી પસાર થતા વાહન ચાલકો માટે આ રસ્તો જોખમી રૂપ બનવા સાથે બાઇક સ્લીપ પણ ખાવાના બનાવો બની રહયા હોય ત્યારે કોઈ મોટી ઘટના અહી બને તે પહેલા સબંધિત તંત્ર પોતાની નૈતિક જવાબદારી સમજીને યુદ્ધ ના ધોરણે રસ્તાની કામગીરી કરે તે અત્યંત જરૂરી છે.

# ગોધરાના કાંકણપુર ખાતે ફાર્મ હાઉસ ખાતે નકલી ચલણી નોટો છાપવાના કૌભાંડનો મુખ્ય આરોપી હરીશ વણઝારાને અમદાવાદ ખાતેથી ઝડપ્યો



ગોધરા,
ગોધરા તાલુકાના કાંકણપુર ખાતે નકલી ચલણી નોટો છાપવાનું કૌભાંડ ફાર્મ હાઉસ ઉપરથી ઝડપાયું હતું. નકલી નોટો છાપવાના કૌભાંડના મુખ્ય આરોપી જે નાસતો ફરતો હોય આરોપી અંગે પેરોલ ફલો સ્કવોર્ડને મળેલ બાતમીના આધારે અમદાવાદ નીકોલ ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો.


ગોધરા તાલુકાના કાંકણપુર ખાતે ફાર્મ હાઉસમાં નકલી ચલણી નોટો છાપવાનું કૌભાંડ ઝડપી પાડવામાં આવ્યું અને પોલીસે રેઈડ કરી ૬૦હજારની કિંમતની નકલી ચલણી નોટો ૫૦૦ ના દરની તેમજ નોટો છાપવાની સામગ્રી ઝડપી પાડવામાં આવ્યું હતું. કાંકણપુર ફાર્મ હાઉસ ખાતે નકલી ચલણી નોટો છાપવાના કૌભાંડમાં મુખ્ય આરોપી હરીશ વણઝારા નાસતો ફરતો વોન્ટેડ આરોપી હોય આરોપી અંગે પેરોલ ફલો સ્ક્વોર્ડને બાતમી મળી હતી કે, વોન્ટેડ આરોપી હરીશ વણઝારા એ અમદાવાદ નીકોલ ખાતે રહેતા હોય તેવી બાતમીના આધારે પેરોલ ફલો સ્ટાફને નીકોલ દેવકૃપા એપાર્ટમેન્ટ ડી/મકાન નં.૨૦૪ ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપીને ગોધરા ખાતે લવાતા આરોપી હરીશ વણઝારાની તબીયત બગડતા સારવાર અર્થે ગોધરા સિવિલમાં ખસેડવામાં આવ્યો.

# કાલોલના ડેરોલ સ્ટેશન ખાતે ચાર મહિના પહેલા લોકાર્પણ થયેલા રેલ્વે અંડરબ્રિજના કાંકરા ખરતા બ્રિજને નુકસાન

કાલોલ,
કાલોલના ડેરોલ સ્ટેશન સ્થિત વર્ષ-૨૦૧૭થી ખોરંભે પડેલા રેલ્વે અંડરબ્રિજનુ ચાર મહિના પહેલા જ લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. એ અંડરગ્રાઉન્ડ બ્રિજના કાંકરા ખરતા અને લોખંડના સળિયા પણ બહાર આવી જતા પશ્રિમ રેલ્વેની હોટલાઈન પરના આ રેલ્વે અંડરગ્રાઉન્ડ બ્રિજની નુકસાની અને ક્ષમતા અંગે સવાલો ઉઠ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કાલોલના રેલ્વે સેન્ટર ગણાતા ડેરોલ સ્ટેશન સ્થિત મુખ્ય ફાટક નં-૩૨ પર પાંચ વર્ષો પુર્વે તૈયાર થતાં રેલ્વે ઓવરબ્રિજની કામગીરી અધવચ્ચે બંધ પડી જતાં પાછલા પાંચ વર્ષથી ઓવરબ્રિજની કામગીરી ખોરંભે પડી જવા પામી છે. જેથી સ્થાનિક હાઈસ્કુલના વિધાર્થીઓ અને વાહનચાલકોને પડતી હાલાકીઓને પગલે ગત વર્ષે વૈકલ્પિક ધોરણે અંડરબ્રિજની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જે રૂ.૪ કરોડના ખર્ચે તૈયાર થઈને ચાલુ વર્ષે દિવાળી પહેલા જ સ્થાનિક લોકોએ તેનુ લોકાર્પણ કરી દીધુ હતુ એ ગરનાળાને લોકાર્પણ કર્યાને ચાર મહિનામાં જ એક લાઈન પર સિમેન્ટ-ક્રોક્રિટના પોપડા ખરવા લાગ્યા છે. તિરાડો પડી છે. અને લોખંડના સળિયા પણ બહાર આવી ગયા છે. તદ્ઉપરાંત ગરનાળાને થયેલા નુકસાનને કારણે ગરનાળાનો ઝોક પણ વધી રહ્યો છે. પશ્રિમ રેલ્વેની મુખ્ય હોટલાઈન પર જયારે દિલ્હી-મુંબઈ ડેઈલી હાઈસ્પીક ટ્રેનો સહિત ભારવાહક માલગાડીઓ પણ પસાર થતી હોવાના કારણે અંડરબ્રિજની કામગીરી-ગુણવત્તા અને ક્ષમતા અંગે સવાલો ઉઠી રહ્યા છે. અત્રે ઉલ્લેખનિય છે કે, દિલ્હી-મુંબઈની હોટલાઈન પર બનેલા આ ગરનાળા માટે પશ્રિમ રેલ્વેની તાંત્રિક વિધિ અનુસાર ગત વર્ષે ડિસેમ્બર-૨૦૨૨માં મુખ્ય રેલ્વે લાઈન પર ગરનાળા માટે લોખંડની ગડર બેસાડવાની કામગીરી હાથ ધરી હતી. તત્કાલિન સમયે પશ્રિમ રેલ્વે વિભાગ સંલગ્ન વિવિધ તાંત્રિક એજન્સીઓની ઉપસ્થિતિમાં બંને લાઈનો પર જરૂરી પર ટનની લોખંડની ગડરો ફીટ કરી હતી જે અંડરબ્રિજ ૨૦ મીટર લાંબુ, ૩ મીટર ઉંચુ, અને ૫.૫૦ મીટર પહોળુ, ૨.૫૦ કરોડના ખર્ચે અંડરગ્રાઉન્ડ ગરનાળુ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. આમ રેલ્વે વિભાગના હદ વિસ્તારમાં રેલ્વે તંત્રની દેખરેદ હેઠળ બનેલા રેલ્વે તંત્રની બેદરકારીએ અંડરબ્રિજની તકલાદી કામગીરીને કારણે ગરનાળાની નીચે પસાર થતાં હજારો વિદ્યાર્થીઓ, રાહદારીઓ, અને વાહનચાલકો તદ્ઉપરાંત ઉપરથી પસાર થતી હાઈસ્પીડ ટ્રેનોના કારણે ભવિષ્યમાં કોઈ મોટો અકસ્માત કે જાનહાનિ થવા પામે એ અંગે જવાબદાર કોણ એ પણ એક સવાલ બની જવા પામ્યો છે. તે પહેલા જવાબદાર રેલ્વે તંત્ર સત્વરે ગરનાળાના નુકસાન અને ક્ષમતાની ચકાસણી કરી સઘન સુરક્ષાની કામગીરી હાથ ધરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# શહેરા વાઘજીપુર ચોકડી ઉપર બમ્પ મૂકીને સંતોષ માન્યો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
શહેરા-ગોધરા મુખ્ય હાઈવે માર્ગ ઉપર આવેલ શહેરાની વાઘજીપુર ચોકડી પર અવારનવાર સર્જાતા અકસ્માતોને લઈને એલ એન્ડ ટી કંપની દ્વારા વાઘજીપુર ચોકડી ઉપર ૫ જેટલા ડિસ્ટન્સ બમ્પ મુકવામાં આવ્યા છે. આ બમ્પ મુકવામાં કારણે વાહનોની ગતિ ધીમી થતાં અકસ્માતના બનાવો બનતા અટકી શકે તેમ છે. જોકે, અહીં અગાઉ કેટલાક અકસ્માતના બનાવો બની ચુક્યા છે જેને લઈને સ્થાનિકો તેમજ વાહનચાલકો દ્વારા સર્કલ બનાવવાની માંગ કરાઈ હતી. જોકે, અહીં સર્કલ તો નહીં પરંતુ બમ્પ મુકીને સંતોષ માની લેવાયો છે.

# ગોધરાના યુવાન વ્રજ સ્વીકાર શાહ એ ૨૬ મા રાષ્ટ્રીય યુવા મહોત્સવમાં ગુજરાત અને પંચમહાલ જિલ્લાનું પ્રતિનિધિત્વ કર્યું




ગોધરા,
યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય ભારત સરકાર દ્વારા સ્વામિ વિવેકાનંદજીની જન્મજયંતી અને રાષ્ટ્રીય યુવા સપ્તાહ અનુરૂપ કર્ણાટકના હૂબલી અને ધારવાડ ખાતે ૨૬ મા પાંચ દિવસીય રાષ્ટ્રીય યુવા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ હતો. જેમાં સમગ્ર ભારતના અલગ અલગ રાજય તથા કેન્દ્રશાસિત પ્રદેશોએ અનેક વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. જેમાં યુવાનો દ્વારા પેઈન્ટિંગ, યંગ આર્ટિસ્ટ કેમ્પ, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા યોગા અને યુથ સમિટ, યુવા કૃતિ જેમાં હસ્તકળા અને લલિત કલા તથા આટે એન્ડ કાફ્ટ દ્વારા પોતાના રાજયની કલાકૃતિ તેમજ સંસ્કૃતિનું પ્રદર્શન કર્યું. તેમાં યોગા અને યુથ સમિટમાં ગોધરાના યુવાન વ્રજ સ્વીકાર શાહ એ ભાગ લીધો અને જેમાં સમગ્ર ગુજરાત અને પંચમહાલ જિલ્લાનું પ્રતિનિધિત્વ કર્યું.

# પંચમહાલના બે શિક્ષકો દ્વારા CCC બોગસ સર્ટિ.જમાં કર્યાનું તપાસમાં સામે આવ્યું

ગોધરા,
રાજયના શિક્ષણ વિભાગ દ્વારા ત્રિપલ સી સર્ટિફિકેટની ચકાસણી હાથ ધરી છે. તપાસમાં પંચમહાલ જિલ્લાના બે શિક્ષકોએ સીસીસી સર્ટી બોગસ રજુ કર્યા હોવાનુ બહાર આવ્યુ છે. ઉચ્ચતર પગાર ધોરણનો લાભ લેવા શિક્ષકોને ફરજીયાત સીસીસી સર્ટિફિકેટ જમા કરવાનુ હોય છે. જે બાદ શિક્ષકોએ ફરજીયાત સીસીસી નો અભ્યાસ જરૂરી હોવાથી તેના સર્ટિ.જમાં કરાવ્યા હતા. જેની તપાસ કરતા બે શિક્ષકોએ બોગસ સર્ટિ જમા કર્યુ હોવાનુ તપાસમાં બહાર આવ્યુ છે. પંચમહાલમાં ઉચ્ચતર પગાર ધોરણનો લાભ લેવા જમા કરાવેલા સીસીસી સર્ટિની તપાસ કરતા જિલ્લાના બે શિક્ષકોના સર્ટિ બોગસ હોવાનુ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ છે. જેથી રાજય શિક્ષણ વિભાગે પ્રા.શિક્ષણાધિકારીને શિક્ષકો વિરુદ્ધ તપાસ કરીને કાર્યવાહી કરવાના આદેશ આપ્યા છે. તપાસમાં જિલ્લાના ધાયકા પ્રા.શાળાના ચૌહાણ પ્રદ્યુમન પર્વતસિંહ અને ઘોઘંબા તાલુકાની જિજેરી પ્રા.શાળાના પટેલ જયંતિભાઈ જેઠાભાઈના સીસીસી સર્ટિ.બોગસ હોવાનુ જણાઈ આવ્યુ છે. જેથી ગાંધીનગરના નાયબ શિક્ષણ નિયામક દ્વારા જિલ્લા શિક્ષણાધિકારીને તેઓને મંજુર કરેલ ઉચ્ચતર પગાર ધોરણના લાભો રદ્દ કરી ચુકવેલ રકમની રિકવરી કરવાના આદેશો આપ્યા છે. સરકારી કર્મચારીઓને સરકારી નિયમો મુજબ ઉચ્ચતર પગારનો લાભ લેવા માટે સીસીસી પાસ કરી હોવાનુ સર્ટિ ફરજીયાત ગણાય છે. કેટલાક શિક્ષકોને કોમ્પ્યુટર આવડતુ ન હોવાથી ઉચ્ચતર પગાર ધોરણ લેવાની લાલચમાં સીસીસીનુ બોગસ સર્ટિ રજુ કરે છે.

# કાલોલના ધારાસભ્ય દોલતપુરા ગામે રામદેવપીરના પાઠમાં ભજન ગાઈ રહ્યા હતા ત્યારે તેમના પર નોટોનો વરસાદ થયો



કાલોલ,
કાલોલના ધારાસભ્ય દોલતપુરા ગામે રામદેવપીરના પાઠમાં ભજન ગાઈ રહ્યા હતા. ત્યારે ધારાસભ્ય ઉપર નોટોનો વરસાદ થયો.

કાલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ ફાયર બ્રાન્ડ નેતાની સાથે સારા ભજનિક પણ છે અને ભજનના કાર્યક્રમોમાં મોટાભાગે હાજર રહેતા હોય છે. કાલોલના દોલતપુરા ગામે રામદેવપીરના પાઠમાં હાજરી આપવા ગયા હતા. ત્યારે ફતેસિંહ ચૌહાણે ભજન ગાઈને માહોલ બનાવી દેતા ભજન હાજર લોકો ધારાસભ્યના આગવી છટાથી ભજન લલકારતા ઉત્સાહમાં આવીને ધારાસભ્ય ઉપર નોટોનો વરસાદ વરસાવ્યો હતો. સામાન્ય રીતે ધારાસભ્ય દરરોજ રાત્રીના સમયે મત વિસ્તારમાં ભજન કાર્યક્રમમાં હાજરી આપતા હોય છે. ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણના ભજન કાર્યક્રમમાં નોટોના વરસાદનો વિડીયો સોશયલ મીડીયામાં વાયરલ થઈ રહ્યો છે.

# ગોધરામાં વોટ્સએપથી બેડશીટ ખરીદી ઓનલાઈન ૪૬,૫૯૬ રૂપીયા પેમેન્ટ બાદ વસ્તુ નહિં મળતા છેતરપિંડીની ફરિયાદ

ગોધરા,
ગોધરા શબીચા મસ્જીદ ગ્રીન પાર્ક સોસાયટીમાં રહેતા ફરિયાદીએ વોટ્સએપ ઉપર બેડશીટની ખરીદી કરવા મેસેજ આરોપીને કરી ગુગલ પે થી ઓનલાઈન ૪૬,૫૯૬/-રૂપીયા કરેલ તે વસ્તુ નહિ મોકલી છેતરપિંડી કરતાં બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શબીચા મસ્જીદ ગ્રીન પાર્ક સોસાયટીમાં રહેતા સુમૈયા સઈદ કલાએ વોટ્સએપ નંબર ૯૭૩૭૯૩૫૩૫૭ ઉપર બેડશીટ ખરીદી કરવા માટે વોટ્સએપથી બેડ્શીટ ખરીદવા માટે મેસેજ કર્યો હતો અને ગુગલ પે થી ઓનલાઈન થી પેમેન્ટ ૪૬,૫૯૬/-રૂપીયા ચુકવેલ હતા. તેમ છતાં મંગાવેલ વસ્તુઓ ન આવીને છેતરપિંડી કર્યાની ફરિયાદ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે નોંધાવતા પોલીસે ટેકનીકલ મદદ લઈ તપાસ કરતા આરોપી સુફીયાન સાજીદ રંગુનવાલા (રહે. પાલ કોમ્પ્લેકસ ગોપીપુરા, મોમનવાડ, સુરત) હોવાનું સામે આવતાં પોલીસે આરોપીને ઝડપી પાડવાની તજવીજ હાથ ધરી છે.

# ગોધરા તાલુકાના રતનપુર ગામે યુવાને રસ્તામાં પડી રહેલા દોરા એકત્રિત કરવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યુ

ગોધરા,
ગોધરા તાલુકાના રતનપુર ગામના યુવકે ઉત્તરાયણ બાદ વૃક્ષો, અગાશીઓ અને રસ્તા ઉપર પડી રહેલા પતંગના દોરા એકત્ર કરવાનુ એક ભગીરથ કાર્ય હાથ ધર્યુ હતુ. ઠેર ઠેર પડી રહેલા પતંગના દોરાથી પક્ષીઓ ફસાઈ ન જાય એવી ચિંતા સાથે ગામમાં પરેશ સુથારે સ્વખર્ચે એકત્રિત થયેલા દોરા રૂ.૭૦ કિલોના ખરીદવાની જાહેરાત કરી હતી. જેથી ગામના સોશિયલ મીડિયા ગ્રુપ સત્યમેવ જયતેમાં પણ અપીલ કરી હતી. આ અપીલને ખુબ જ પ્રતિસાદ સાંપડ્યો હતો. બાળકો સહિત અંદાજિત ૩ કિલો જેટલા દોરા એકત્રિત કર્યા હતા. જેનો પરેશભાઈ અને સહ સાથીઓએ સળગાવી નાશ કર્યો હતો. સાથે બાળકોને પ્રોત્સાહિત કરી સન્માન કર્યુ હતુ. નહેરૂ યુવા કેન્દ્ર ગોધરા સાથે પણ યુવા સપ્તાહ સેવા દિવસની ઉજવણી હાલ ચાલી રહી છે. ત્યારે જિલ્લા યુવા અધિકારી વિઠ્ઠલભાઈએ પણ અનોખી સેવા કરવા બિરદાવી પ્રમાણપત્રથી સન્માનિત કર્યા છે.

# પંચમહાલ જિલ્લાના બાગાયતી ખેતી કરતા ખેડૂતો માટે તાલીમ તથા પ્રેરણા પ્રવાસ યોજાશે

ગોધરા,
નાયબ બાગાયત નિયામક, પંચમહાલ ખેડુત ભાઈઓ જોગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, બાગાયત ખાતાની યોજના હેઠળ અનુ.જાતિ, અનુ.જનજાતીના તેમજ સામાન્ય જાતિના ખેડૂતોને તાલીમ તેમજ પ્રેરણા પ્રવાસ લઈ જવાનું આયોજન થનાર છે. આ માટે ખેડુત અરજદારની ઉંમર ૩૦ વર્ષથી ૫૮ વર્ષ જરૂરી છે તથા છેલ્લા પાંચ વર્ષથી બાગાયતી પાકોની ખેતી કરતા હોય તેવા ખેડૂતોને પ્રાધાન્ય આપવામાં આવનાર છે. આથી પંચમહાલ જીલ્લાના આવા રસ ધરાવતા પ્રગતિશીલ ખેડુતોને આ માટેની અરજી આધાર પુરાવા સાથે તા.૩૧.૦૧.૨૦૨૩ પહેલા નાયબ બાગાયત નિયામકની કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, ગોધરા, જિ.પંચમહાલ ખાતે રૂબરૂ કે ટપાલ દ્વારા પહોંચાડવાની રહેશે. ત્યારબાદ તેઓની અરજીની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# પાવાગઢ ખાતે રાજયકક્ષાની તૃતીય આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાશે

ગોધરા,
રમતગમત-યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર તથા કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર પંચમહાલના સંયુક્ત ઉપક્રમે આવતીકાલે પાવાગઢ ખાતે રાજયકક્ષાની તૃતીય આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાશે. જે જિલ્લા પંચાયત પંચમહાલના પ્રમુખ કુ.કામિનીબેન સોલંકી, સાંસદ રતનસિંહ રાઠોડ, પંચમહાલ જિલ્લાના સર્વ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, નિમિષાબેન સુથાર, ફતેસિંહ ચૌહાણ, જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી ડી.કે બારીયાની ઉપસ્થિતીમાં આ સ્પર્ધાનું ઉદ્દઘાટન કરાશે. સવારે ૮ વાગ્યે માંચી, પાવાગઢ ખાતેથી ફ્લેગ ઓફ કરાશે તથા વિજેતાઓને સવારે ૧૦ વાગ્યે ઈનામ વિતરણ કરવામાં આવશે.

# હાલોલ તાલુકાના કંજરી ગામ તસ્કરોએ ઘરની બારીના સળીયાવાળી ઘર માંથી દાગીના અને રોકડની ચોરી કરી ફરાર

હાલોલ,
હાલોલ તાલુકાના કંજરી ગામે કિશન કલાસીસ સોસાયટીના મકાનમાં તસ્કરોએ બારીના લોખંડના સળીયાવાળી ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી ૯૯,૦૨૭/-રૂપીયાની મત્તાની ચોરી કરી જતાં ફરિયાદ. પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના કંજરી ગામે કિશન કલાસીસ સોસાયટીમાં રહેતા તેજશભાઈ દિનેશભાઈ ભાટીયાના ઘરને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. બેડરૂમની બારીના લોખંડના સળીયાવાળી દઈ તસ્કરો ઘરમાં પ્રવેશ કરી કબાટમાં મૂકી રાખેલ સોના-ચાંદીના દાગીના કિંમત ૫૭,૦૨૭/-રૂપીયા રોકડા ૪૨,૦૦૦/-રૂપીયા મળીને કિંમત ૯૯,૦૨૭/-રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતાં આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.